dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 127 | AD - 2025, Maha Sud - 13 | Monday, Dt.10-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### બે સૈનિકો શહીદ થયા અને બે ઘાયલ થયા

# છત્તીસગઢના જંગલોમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૩૧ નક્સલીઓ ઠાર

(એચ.એસ.એલ),બીજાપુર,તા.૯

ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણી પહેલા, બીજાપુરના નેશનલ પાર્ક વિસ્તારમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એક મોટી અથડામણ થઈ છે. છત્તીસગઢ-મહારાષ્ટ્ર સરહદ પર પોલીસ સુરક્ષા દળોએ ૩૧ નક્સલીઓને ઠાર માર્યા છે. બે સૈનિકો શહીદ થયા અને બે ઘાયલ થયા છે. ઘાયલ સૈનિકોને બહાર કાઢવા માટે જગદલપુરથી એમઆઈ-૧૭ હેલિકોપ્ટર રવાના કરવામાં આવ્યું હતું. બસ્તર ડિવિઝનના આઈજીપી સુંદર રાજે એન્કાઉન્ટરની પુષ્ટિ કરી છે. માર્યા ગયેલા નક્સલીઓની સંખ્યા પણ વધી શકે છે. આ એન્કાઉન્ટર બીજાપુરના નેશનલ પાર્ક વિસ્તારમાં થયું હતું. અન્ય નક્સલીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન હજુ પણ ચાલુ છે. બીજાપુર ડીઆરજી, એસટીએફ અને બસ્તરના ફાઈટર સૈનિકોએ નક્સલવાદીઓને ચારે બાજુથી ઘેરી લીધા છે. આઈજીએ કહ્યું કે મોટી સંખ્યામાં નક્સલીઓ એકઠા થયા હોવાની માહિતી મળી હતી, ત્યારબાદ ફોર્સને ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. સવારથી જ વચ્ચે-વચ્ચે ગોળીબાર થઈ રહ્યો છે. આ નક્સલી કાર્યવાહીમાં નક્સલીઓને મોટું નુકસાન થયું હોવાનું કહેવામાં આવી રહ્યું છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રવિવારે સવારે ઈન્દ્રાવતી રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારના જંગલમાં સુરક્ષા દળોની એક ટીમ નક્સલ વિરોધી કાર્યવાહી પર હતી ત્યારે એન્કાઉન્ટર શરૂ થયું હતું. પોલીસ અધિકારીએ કહ્યું, “પ્રારંભિક માહિતી અનુસાર, એન્કાઉન્ટરમાં ૩૧ નક્સલીઓ માર્યા ગયા છે.” તેમણે કહ્યું કે વિસ્તારમાં હજુ પણ વચ્ચે-વચ્ચે ગોળીબાર ચાલુ છે. ઘટના અંગે વિગતવાર માહિતીની રાહ



જોવાઈ રહી છે. સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે જે જગ્યાએ એન્કાઉન્ટર થયું તે બીજાપુર જિલ્લાનો ફરસેગઢ વિસ્તાર છે. અહીં રાષ્ટ્રીય ઉદ્યાનના જંગલને નક્સલવાદીઓનો સક્રિય ગઢ માનવામાં આવે છે. સુરક્ષા દળોને આ વિસ્તારમાં નક્સલવાદીઓની હાજરીની માહિતી મળી હતી. મહારાષ્ટ્રના ડીઆરજી, એસટીએફ અને સી-૬૦ સૈનિકોની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન, નક્સલીઓએ ટીમ પર ગોળીબાર કર્યો, જેમાં ચાર સૈનિકો ઘાયલ થયા. આમાંથી બે સૈનિકો શહીદ થયા છે. જવાબી કાર્યવાહીમાં, ૧૨ નક્સલીઓ માર્યા ગયા છે. અહીં પંચાયતની ચૂંટણીઓ યોજાઈ રહી છે, એવું માનવામાં આવે છે કે નક્સલવાદીઓ તેમને પ્રભાવિત કરી શકે છે. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ પણ સૈનિકોની શહાદત વિશે સાંભળીને દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે પોતાના X એકાઉન્ટ પર લખ્યું, 'બીજાપુર જિલ્લાના નેશનલ પાર્ક વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે થયેલી અથડામણમાં અત્યાર સુધીમાં ૧૨ નક્સલવાદીઓ માર્યા ગયાના અહેવાલ છે. આ એન્કાઉન્ટરમાં બે સૈનિકો શહીદ થયા અને બે ઘાયલ થયાના દુઃખદ સમાચાર પણ પ્રાપ્ત થયા છે. સૈનિકોનું બલિદાન વ્યર્થ નહીં જાય. સફળ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં, આપણું રાજ્ય માર્ચ ૨૦૨૬ સુધીમાં નક્સલવાદથી મુક્ત થઈ જશે. આ દિશામાં, સુરક્ષા દળો સતત સફળતા મેળવી રહ્યા છે અને તેમના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. દેશ અને રાજ્યમાં કેન્સર જેવા રોગચાળા સમાન નક્સલવાદનો અંત નિશ્ચિત છે. હું શહીદ સૈનિકોના આત્માની શાંતિ માટે અને શોકગ્રસ્ત પરિવારોને શક્તિ પ્રદાન કરવા અને ઘાયલ સૈનિકો ઝડપથી સ્વસ્થ થાય તે માટે ભગવાનને પ્રાર્થના કરું છું.'

છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્માએ જણાવ્યું હતું કે, 'બીજાપુર જિલ્લાના રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં થયેલા એન્કાઉન્ટરમાં ૩૧ નક્સલીઓ માર્યા ગયા છે. ૨ સૈનિકોએ જીવ ગુમાવ્યા છે.' બે જવાન ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### મણિપુરમાં રાજકીય ઉથલપાથલ વધી

# મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે અચાનક આપ્યું રાજીનામું

(જી.એન.એસ) ઈમ્ફાલ, તા. ૯

મણિપુરમાં રાજકીય ઉથલપાથલ વધી ગઈ છે, રાજ્યના સીએમ એન બિરેન સિંહે સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું છે. બિરેન સિંહ ભાજપના સાંસદ સંબિત પાત્રા, મણિપુર સરકારના મંત્રીઓ અને ધારાસભ્યો સાથે રાજ્યપાલને મળવા માટે રાજભવન પહોંચ્યા હતા. આ નિર્ણય પહેલા, બિરેન સિંહ આજે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ મળ્યા હતા. દરમિયાન, ગૃહ મંત્રાલયે તમામ સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રહેવા



જણાવ્યું છે. રાજીનામું આપતાં પહેલાં બિરેન સિંહ ગૃહ મંત્રી અમિત શાહને મળ્યાં હતા જે પછી રાજ્યપાલને રાજીનામું આપવા પહોંચ્યાં હતા. રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને સોંપેલા રાજીનામા પત્રમાં બિરેન સિંહે કહ્યું કે મણિપુરના લોકોની સેવા કરવી એ અત્યાર સુધી સન્માનની વાત રહી છે. મણિપુર વિધાનસભાનું સત્ર આજ રોજ શરૂ થવાનું હતું. વિપક્ષ મણિપુર સરકાર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું હતું. કોંગ્રેસે કહ્યું કે એન બિરેન સિંહને બે વર્ષ પહેલા જ બરતરફ કરી દેવા જોઈતા હતા. કોંગ્રેસના નેતા આલોક શર્માએ કહ્યું, "દેશ તેમને ક્યારેય માફ નહીં કરે. મણિપુરના ધારાસભ્યોનો અંતરાત્મા જાગી ગયો છે. તેમણે મજબૂરીમાં રાજીનામું આપ્યું છે. મણિપુરના NPAF પાર્ટીના સાંસદ લોરો ફોજે કહ્યું કે, એન બિરેન સિંહે તેમના ધારાસભ્યોનો ટેકો ગુમાવ્યો હતો. તેમણે મોડેથી રાજીનામું આપ્યું. જો તેમણે દોઢ વર્ષ પહેલાં રાજીનામું આપ્યું હોત, તો મણિપુર બચી ગયું હોત.

### પોલીસ સ્ટેશન અને નગરપાલિકાની જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હતું

# ત્રણ નોટિસ આપ્યા બાદ ઉત્તર પ્રદેશની મસ્જિદ પર યોગીનું બુલડોઝર ફરી વળ્યું

(એચ.એસ.એલ),લખનૌ,તા.૯

ઉત્તર પ્રદેશના કુશીનગર જિલ્લામાં, યોગી સરકારે મદની મસ્જિદ પર બુલડોઝર ફેરવવાની કાર્યવાહી કરી છે. સીએમ યોગી આદિત્યનાથના આદેશ બાદ વહીવટીતંત્રે આ કાર્યવાહી કરી છે. જિલ્લાના હાટા શહેરમાં આવેલી મદની મસ્જિદનો એક ભાગ સરકારી જમીન પર બનાવવામાં આવ્યો હતો. મદની મસ્જિદ નકશાને મંજૂરી આપ્યા વિના બનાવવામાં આવી હતી. તેથી આ મસ્જિદ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

મદની મસ્જિદની તપાસ ગયા વર્ષે ૧૮ ડિસેમ્બરે શરૂ થઈ હતી. ત્રણ નોટિસ આપ્યા પછી પણ મસ્જિદ પક્ષકારોએ કોઈ જવાબ આપ્યો ન હતો. મુસ્લિમ પક્ષકારોએ સીએમ યોગીની બુલડોઝર કાર્યવાહી રોકવા માટે હાઈકોર્ટ પાસેથી ૮ ફેબ્રુઆરી સુધી સ્ટે ઓર્ડર મેળવ્યો હતો. હાઈકોર્ટના મનાઈ હુકમનો અંત આવ્યા બાદ, વહીવટીતંત્રે રવિવારે



ભારે પોલીસ દળ સાથે બુલડોઝર કાર્યવાહી શરૂ કરી હતી. હિન્દુ નેતા રામબચન સિંહે મદની મસ્જિદમાં ગેરકાયદેસર બાંધકામ અને ખોટો નકશો પાસ કરવા અંગે સીએમ યોગીને ફરિયાદ કરી હતી. સીએમ યોગીના આદેશ બાદ જ મસ્જિદ પર બુલડોઝર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશન અને નગરપાલિકાની જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હતું. નકશા મંજૂર કર્યા વિના મસ્જિદની ઈમારત બનાવવામાં આવી હતી. આ અંગે કાર્યવાહી કરવામાં આવી છે.

# પહાડોમાં બરફવર્ષા : દિલ્હી સહિતના રાજ્યોમાં ફરી ઠંડી વધવાની શક્યતા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯

ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં હવામાનમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. ફેબ્રુઆરી મહિનાની શરૂઆત સાથે, દિલ્હી-એનસીઆરમાં તીવ્ર ઠંડીનો અંત આવ્યો છે. આ દિવસોમાં થોડી ઠંડી પડી રહી છે. દિવસ દરમિયાન પવન ફૂંકાય છે અને તેજસ્વી સૂર્યપ્રકાશ પણ હોય છે. થોડા દિવસો પહેલા દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને હરિયાણા સહિત ઘણા રાજ્યોમાં વરસાદ પડ્યો હતો. જોકે, વરસાદ પછી પણ ઠંડી વધી નથી. એવું માનવામાં આવે છે કે હવે દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાનમાં ઠંડી દિવસે ને દિવસે ઓછી થશે.

દરમિયાન, હવામાન વિભાગે જણાવ્યું હતું કે સોમવારે પણ તાપમાનમાં કોઈ ઘટાડો થશે નહીં. દિલ્હી-એનસીઆરમાં દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ રહેશે અને આકાશમાં હળવા વાદળો પણ છવાયેલા રહી શકે છે. આ સમયગાળા દરમિયાન, લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની



ધારણા છે. સોમવારે પણ દિવસ દરમિયાન હળવા વાદળો સાથે સૂર્યપ્રકાશની અપેક્ષા છે. મંગળવાર અને બુધવારે આકાશ સંપૂર્ણપણે સ્વચ્છ રહેશે. આ સમય દરમિયાન તેજસ્વી સૂર્યપ્રકાશ રહેશે. મંગળવાર અને બુધવારે દિલ્હી-એનસીઆરનું લઘુત્તમ તાપમાન ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. તાજેતરમાં પર્વતીય રાજ્યોમાં પણ વરસાદ પડ્યો હતો. હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદ સાથે બરફવર્ષા પણ થઈ હતી. હિમાચલના સ્થાનિક હવામાન વિભાગે જણાવ્યું હતું કે શનિવારે બરાલાચા, કુંજુમ અને રોહતાંગ સહિત વિવિધ સ્થળોએ હળવી હિમવર્ષા થઈ હતી. શનિવારે જમ્મુમાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું અને ભારે ઠંડી પડી હતી. સ્થાનિક હવામાન કેન્દ્ર શ્રીનગરે આગામી ત્રણ દિવસ સુધી કાશ્મીર સહિત જમ્મુમાં વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે.







# રાષ્ટ્રપતિ મુર્મુ આજે ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯

સોમવારે, દેશના પ્રથમ નાગરિક, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પ્રયાગરાજની પવિત્ર ભૂમિ પર પગ મૂકશે અને તેની ભવ્યતા અને દિવ્યતાના સાક્ષી બનશે. તે પ્રયાગરાજમાં આઠ કલાકથી વધુ સમય માટે રહેશે અને આ સમય દરમિયાન, સંગમમાં સ્નાન કરવાની સાથે, તે અક્ષયવત અને બડે હનુમાન મંદિરમાં પણ દર્શન અને પૂજા કરશે. આ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર રહેશે. રાષ્ટ્રપતિ મુર્મુ સવારે સંગમ નોઝ



પહોંચશે અને ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવશે. રાષ્ટ્રપતિ માતા ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતીના સંગમમાં શ્રદ્ધાની ડૂબકી લગાવીને સનાતન શ્રદ્ધાને મજબૂત પાયો આપશે. દેશના પ્રથમ નાગરિક માટે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવાની આ એક ઐતિહાસિક ક્ષણ હશે.



# અમરેલી જિલ્લામાં આધારકાર્ડમાં થતી ભૂલોને કારણે લોકો હેરાન : મુખ્યમંત્રીને રજૂઆત

**જનસેવા સંગઠન દ્વારા કરાઈ રજૂઆત**

અમરેલી, તા.૦૯

હાલ ગુજરાતમાં આધારકાર્ડ ફરજિયાત કરવામાં આવે છે. આધારકાર્ડ વગર એકેય ડોકયુમેન્ટ વેલિડ નથી. ત્યારે અમરેલી જિલ્લામાં આધારકાર્ડમાં ઓપરેટરો દ્વારા થયેલી ભૂલોના લીધે લોકો ખૂબ હેરાન થાય છે. કેટલાક વૃદ્ધો પાસે જન્મના દાખલા પણ હોતા નથી તેથી તેઓના આધારકાર્ડમાં જન્મ તારીખમાં સુધારણા માટે પણ પ્રશ્ન ઉભા થયા છે. જયારે આધારકાર્ડમાં સુધારા-વધારા કરવા લોકો પોતાના ધંધા-રોજગાર છોડી આધાર સેન્ટર પર જાય છે ત્યારે ઓપરેટરે કરેલ ભુલને કારણે આધારકાર્ડ અનેકવાર રિજેકટ થાય છે જેથી તેઓના આધારકાર્ડ બનતા નથી તથા જન્મ તારીખમાં સુધારા કરવા જાય ત્યારે જન્મનો પુરાવો ફરજીયાત તેમની પાસેથી માગવામાં આવે છે. ત્યારે કેટલાક વૃદ્ધો પાસે જન્મના પુરાવાઓ ફાટેલી તૂટેલી હાલતમાં અથવા તો ઉપલબ્ધ હોતા નથી. તેથી તેઓને ખુબ જ હાલાકી ભોગવવી પડે છે અને આધારકાર્ડમાં એક અક્ષર કે સ્પેલિંગની ભુલ ઓપરેટરથી થઈ હોય તો પણ અરજદારને ભોગવવાનો વારો આવે છે. આ પ્રશ્નનું નિરાકરણ આવે તે માટે જનસેવા સંગઠન દ્વારા મુખ્યમંત્રીને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

# ભેરાઈથી થવી વિસ્તારના રસ્તાનું સમારકામ થતાં લોકોમાં ખુશી વ્યાપી

રાજુલા, તા.૦૯


તસવીર : ગોપાલ રાઠોડ

ભેરાઈથી થવી વિસ્તારમાં જવા આવવાનો રસ્તો તદ્દન બિસ્માર હોવાથી સ્થાનિક આગેવાનોએ સરપંચને રજૂઆત કરી હતી. આથી સરપંચે જીએચસીએલ કંપની દ્વારા આ રસ્તાની મરામત કરાવતા ગામ લોકોએ રાહતના શ્વાસ લીધા હતા. આમ યુવા સરપંચ દ્વારા ૬૦ વર્ષ જૂના પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ અગાઉ થવી વિસ્તારના ૪૫ થી ૫૦ જેટલા પરિવારોને પરિવહન અને આવવા જવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ તકે ભેરાઈ ગ્રામ પંચાયતના યુવા સરપંચ, ઉપસરપંચ, માજી ઉપસરપંચ શિવાભાઈ રામ તેમજ તમામ સભ્યોએ યુવા સરપંચ વાલભાઈ અને જીએચસીએલ કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્ય કંપનીના મેનેજર જોષી, ગઢવીભાઈ ડેપ્યુટી મેનેજર કાનજીભાઈ પંપાણીયાના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

# કુંકાવાવ તાલુકાના ખજુરી ગામે પ્રાથમિક શાળાનું ખાતમુહૂર્ત કરતાં કૌશિક વેકરીયા

અમરેલી, તા.૦૯



કુંકાવાવ તાલુકાના ખજુરી ગામે નવનિર્માણ થનાર પ્રાથમિક શાળાનું નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત તેમજ મહાનુભાવોની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સાથે જ ખોડીયાર માતાજી મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવામાં ધારાસભ્યએ હાજરી આપી હતી. આ તકે બહોળી સંખ્યામાં ગ્રામજનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં આજે વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી કરાશે

સાવરકુંડલા, તા.૦૯



સાવરકુંડલા ખાતે વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેમાં સવારે ૧૦ કલાકે લુહાર વાડી ખાતે પૂજા-અર્ચના કરવામાં આવશે. ત્યારબાદ સમાજ ટ્રસ્ટ દ્વારા આયોજીત ભવ્ય સમૂહલગ્ન યોજાશે. આ પ્રસંગે લુહાર જ્ઞાતિનું સમૂહભોજન પણ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પધારવા માટે જ્ઞાતિજનો દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ચલાલામાં ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

ચલાલા, તા.૦૯



ચલાલામાં નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ભાજપ દ્વારા આજે મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ તકે દાનેવધામના લઘુ મહંત મહાવીર બાપુ, ગાયત્રી શકિત પીઠના રતિદાદા અને ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકાના તમામ આગેવાનો, નગરપાલિકાના વોર્ડના તમામ ઉમેદવારો અને બહોળી સંખ્યામાં સ્થાનિક લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સત્યનારાયણ ભગવાનની કથા કરીને પછી કાર્યાલય ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

# બગસરાના શાપર ગામની કનૈયા ગૌશાળાને મળ્યું અનોખું દાન

શાપર, તા.૦૯



શાપર ગામમાં આવેલી કનૈયા ગૌશાળામાં લુલી-લંગડી અને નિરાધાર ગાયોની સેવા થાય છે. આ ગૌશાળાને નિયમિત મદદ કરનાર ગૌપ્રેમી હરેશભાઈ ભીખુભાઈ વેકરીયાની દીકરી જલ્પાબેનના લગ્ન પ્રસંગે મળેલ ચાંદલાની રકમ રૂપિયા ૩૬,૫૦૦ ગૌશાળામાં અર્પણ કરવામાં આવી છે. ગૌસેવાના આ ઉમદા કાર્યમાં હરેશભાઈ વેકરીયા અને અભય મનસુખભાઈ વેકરીયાએ આ રકમ ગૌશાળાને સુપ્રત કરી હતી. આ અનોખા દાનથી ગૌશાળામાં આશ્રય લેતી નિઃસહાય ગાયોની સેવામાં મદદરૂપ થશે.

# રાજુલા શહેરમાં ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન

રાજુલા, તા.૦૯



રાજુલા નગરપાલિકા કબ્જે કરવા માટે ભાજપના દિગ્જ્જ નેતાઓ મેદાનમાં આવ્યાં છે. રાજુલા નગરપાલિકાના ૧ થી ૬ વોર્ડમાં ભાજપના ચૂંટણી કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવા વિધાનસભાના નાયબ દંડક કૌશીકભાઈ વેકરીયા પહોંચ્યા હતા. ત્યારે કાર્યકરો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને ફટાકડા ફોડી તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ તકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, મેહુલભાઈ ધોરાજીયા, ચેતનભાઈ શિયાળ સહિતના રાજકીય, સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આસ્થા : ધારી ગીર વિસ્તારમાં આવેલ આપાગીગાનો વડલો શ્રધ્ધાનું કેન્દ્ર

ધારી, તા.૦૯



ધારીથી ૨૭ કિ.મી. દૂર આવેલ ચાંચઈ ગામ નજીક આપાગીગાનો વડલો મંદિર સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત છે. અહીં અનેક શ્રધ્ધાળુઓ પોતાની આસ્થા લઈને આવતાં હોય છે. આશરે ૩૦૦ વર્ષ પહેલા પૂ. આપાગીગા અહીં રોજ ગાયો સાથે રોકાણ કરતા હતા અને ગાયોને પાણી પીવા માટે વીરડો કરાયો હતો. કેટલાય દુષ્કાળો ગયા હોવા છતાં તેમાં કયારેય પણ પાણી સુકાયું નથી. ગીર વિસ્તારમાં સોળેય કળાએ ખીલેલાં વાતાવરણમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ અહીં દર્શનાર્થે આવે છે.

# રાજુલામાં લક્ષ્મી ગૃપ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ

રાજુલા, તા.૦૯



રાજુલા શહેરમાં લક્ષ્મી ગ્રુપ મહિલા મંડળ દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ તા. ૮ ફેબ્રુઆરીથી થયો છે. દ્વારકાધીશની કૃપાથી પિતૃઓના મોક્ષાર્થે યોજાઈ રહેલી આ કથા તા. ૧૪ ફેબ્રુઆરી સુધી ચાલશે. કથાનો પ્રારંભ ભવ્ય પોથીયાત્રા સાથે થયો હતો, જે બાપા સીતારામની મઢૂલીથી બપોરે ત્રણ વાગ્યે નીકળી હતી. કથાનું સ્થળ શુભમ નગરની સામે, બાપા સીતારામ મઢૂલીવાળા ખાતે, જાફરાબાદ રોડ પર રાખવામાં આવ્યું છે. કથાનો સમય દરરોજ સાંજે ૩ થી ૬ વાગ્યા સુધીનો છે. પ્રખ્યાત કથાકાર શાસ્ત્રી ધનંજય દાદા ઠક્કર સંગીતમય શૈલીમાં કથાનું વાંચન કરી રહ્યા છે. કથા દરમિયાન શ્રીકૃષ્ણ જન્મ, રુકિમણી વિવાહ, ગોવર્ધન લીલા, સુદામાચરિત્ર અને પરીક્ષિત મોક્ષ જેવા પ્રસંગો વર્ણવવામાં આવશે. દરરોજ સાંજે રાસ-ગરબા, ભજન, સંતવાણી અને કીર્તનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મંડળ તરફથી સર્વ ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને કથામાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ખાંભા તાલુકાનાં તાતણીયા ગામે સિંહ પરિવારની રહેણાંક મકાનમાં લટાર

ખાંભા, તા.૦૯



ખાંભા તાલુકાનાં તાતણીયા ગામે બે સિંહણ, બે સિંહ સાથે સિંહ પરિવારની લટાર જોવા મળી હતી. જેમાંથી એક સિંહણ રહેણાંક મકાનમાં ઘૂસી જતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો હતો. આ સિંહણ મકાનમાં રાખેલી મગફળીની બોરી પર આરામ ફરમાવી રહી હતી. જેને બહાર કાઢવા માટે પ્રયત્ન કરવા છતાં બહાર નીકળવાનું નામ લેતી ન હતી. જેથી આ ઘટનાની જાણ ખાંભા વનવિભાગને થતાં વનવિભાગ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. આ ઘટનામાં મકાનની આસપાસ કોર્ડન કરી ગ્રામજનોને અંતર જાળવવા સૂચના આપેલ હતી અને ઓપરેશન હાથ ધરવામાં આવતાં સિંહણ અચાનક બહાર આવતા અફરાતફરીનો માહોલ છવાયો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંધાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### દરેક સ્કૂલના અલગ-અલગ સમયપત્રક, શિક્ષણ વિભાગ દ્વારા સમય બાબતે યોગ્ય તપાસ થાય તે જરૂરી

# અમરેલી જિલ્લામાં મોટાભાગની ખાનગી સ્કૂલોનું મનસ્વી સમયપત્રક

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાં શિક્ષણ આપતી ખાનગી સંસ્થાઓના અલગ અલગ સમયપત્રકે વાલીઓ સાથે બાળકોને પણ ચકરાવે ચડાવ્યાં છે.

**ખાનગી સ્કૂલોના સમપત્રક એકસરખા કરવા વાલીઓમાંથી માંગ ઉઠી**

અમરેલી જિલ્લામાં ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ ઉપર જાણે કે કોઈ અંકુશ રહ્યો ન હોય તેમ મનફાવે તે રીતે સ્કૂલના સમય નક્કી કરાયા છે. ઘણી ખાનગી સ્કૂલોના સમયપત્રક બપોર સુધીના હોય છે તો ઘણી ખાનગી સ્કૂલો ૧૧ વાગ્યે જ બાળકોને શાળાએથી છોડી દે છે. વાલીઓમાંથી જાણવા મળતી માહિતી મુજબ એક જ સ્કૂલમાં ભણતા અલગ-અલગ વર્ગોના બાળકો માટે પણ અલગ અલગ સમયપત્રક બનાવ્યાં છે. ચાલુ શૈક્ષણિક સત્રને એકાદ મહિના જેવો જ સમય રહ્યો હોય ત્યારે ઘણા વાલીઓએ આ અંગે શિક્ષણ વિભાગના અધિકારીઓને જાણ કરી હોવાનું જાણવા મળ્યું છે. તેમ છતાં નિંદ્રામાં સુતેલા અધિકારીઓએ કોઈપણ પ્રકારની કામગીરી કરી હોવાનું જાણવા મળ્યું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, શિયાળુ સત્ર દરમિયાન ઠંડીના કારણે શિક્ષણ વિભાગે સ્કૂલના સમયમાં ફેરફાર કરી મોડી સ્કૂલ શરૂ કરવાનો પત્ર કર્યો હોવા છતાં ઘણી ખાનગી સ્કૂલોએ તેનો ઉલાળિયો કર્યો હતો. શિક્ષણ વિભાગ દ્વારા ખાનગી સ્કૂલોના સમય બાબતે સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવે તેવી વાલીઓમાંથી માંગ ઉઠી છે.


તસવીર : પ્રતિકાત્મક

**શું દરેક સ્કૂલનું સમયપત્રક અલગ અલગ હોય શકે ખરૂં ?**

## રાજુલા ખાતે ફ્રી નિદાન કેમ્પ યોજાયો: ૫૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો

રાજુલા, તા.૦૯

રાજુલામાં આવેલ ભાવાંશ ડેન્ટલ કેર ખાતે ફ્રી નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં મોઢા અને ગળાના કેન્સર, ઓરલ સર્જરી, નાક-કાન અને ગળાના રોગોનું ફ્રી નિદાન તથા સારવાર કરવામાં આવી હતી. આ કેમ્પમાં ભાગ લેનાર તમામ દર્દીઓને ઓરલ હેલ્થ કીટ ફ્રીમાં આપવામાં આવી હતી. કેમ્પમાં ૫૦ થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ તકે ડો. મોનિકા બાંભણીયા, ડો. સંદીપ મીઠાપરા અને ડો. નિશા સેલર સહિતના તજજ્ઞોએ સેવા આપી હતી.


તસવીર : ગોપાલ રાઠોડ

## બુધવારે ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સના વાર્ષિકોત્સવમાં જય વસાવડા વક્તવ્ય આપશે

**વાર્ષિકોત્સવમાં સંસ્થાના વિદ્યાર્થીઓ જુદી જુદી કલાકૃતિઓ રજૂ કરશે**

અમરેલી, તા.૦૯

ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સનો વાર્ષિકોત્સવ- 'સફળતાનો સ્મરણોત્સવ' તા.૧૨ ફેબ્રુઆરી, બુધવારે સાંજે ૫.૩૦ કલાકે યોજાશે. આ તકે જાણીતા મોટીવેશનલ સ્પીકર જય વસાવડા બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વક્તવ્ય આપશે. આ ઉપરાંત વાર્ષિકોત્સવમાં સંસ્થાના વિદ્યાર્થીઓ જુદી જુદી કલાકૃતિઓ રજૂ કરશે. કાર્યક્રમમાં ધોરણ ૧૦ અને ૧૨ ટોપર્સનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ, વાલીઓ અને બંને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ ઉપસ્થિત રહેશે.

તેમ સંસ્થાના ડાયરેકટર મયુરભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા, નિલેશભાઈ ગજેરાની યાદીમાં જણાવાયું છે.




## અમરેલી-ધારી રોડ પર નવા બની રહેલાં પાણીનાં સમ્પની મુલાકાત લેતા વનરાજા


તસવીર : સંજય વાળા

ધારી, તા.૦૯

ધારી નજીક આવેલ પાણી પુરવઠા બોર્ડ દ્વારા નવો સમ્પ બનાવવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે અચાનક જ બે સિંહો આ બાંધકામ વિસ્તારમાં આવી પહોંચ્યા હતાં. બન્ને સિંહોને જોઈ કામ કરતા મજૂરો સલામત સ્થળે ખસી ગયેલ હતા. જાણે કે નવા બની રહેલા સમ્પની કામગીરીની ચકાસણી કરવા આવ્યા હોય તેમ વનરાજા આંટો મારી જંગલ તરફ પાછા ફર્યા હતા.

### અવસાન નોંધ

**ઉના**

ડાયાભાઈ ભગવાનભાઈ બાંભણિયાની પુત્રી જયશ્રીબેન (ઉ.વ.૫૨) તે મનોજભાઈ (નગર સેવક, ઉના), મહેકભાઈના મોટા બહેન તા.૦૨/૦૨ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૦/૦૨ના રોજ સવારે ૮થી ૫, સુવર્ણ બાગ, વરસિંગ પુર રોડ રાખેલ છે.

**મહુવા**

રઘુભા બાલુભા વાળા (ઉ.વ.૬૪) તે પરબતસિંહ વાળા, જયપાલસિંહના પિતાશ્રી, સ્વ.ભીખુભા બાલુભા, ભગવતસિંહ, મયુરસિંહ, નિલેષસિંહના કાકા, જયવીરસિંહ હરદેવસિંહ, કાવ્યરાજસિંહ જયપાલસિંહના દાદાનું તા.૦૮/૦૨ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેમની ઉત્તરક્રિયા તા.૧૯/૦૨ને બુધવારના રોજ સથરા રાખેલ છે.

**ભાવનગર**

લીમડા (હનુમાનના), હાલ ભાવનગર ગીતાબેન દુર્ગાદાસ રામાવત તા.૦૭/૦૨ના રોજ રામચરણ પામેલ છે. તે સ્વ. બાબુરામજી, ગંગારામજી, તુલસીદાસના નાનાભાઈના પત્ની, નરેન્દ્રભાઈ, મનહરભાઈના કાકી, શ્રીરામભાઈ, દિપકભાઈ, કિશોરભાઈ (ખડવાવડીવાળા)ના મોટાબેન, અનુરાગ, કિરણબેન, શીલુબેન, કોમલબેન, કવિતાબેન, પાયલબેન, અનિતાબેન, મનીષાબેનના માતૃશ્રી થાય છે. તેમનું બેસણું બંનેપક્ષનું તા.૧૦/૦૨ને સોમવારે સવારે ૯થી ૬ રાખેલ છે. ભદ્રોત્સવ તા.૧૭/૦૨ને સોમવારે દિવસનો રાજપૂત વાડી, શીતળામાની દેરી સુભાષનગર, ભાવનગર ખાતે રાખેલ છે.




### ખાન ખીજડીયા પ્રા.શાળા તા.કુંકાવાવ

**:: જાહેર હરરાજી ::**

આથી રસ ધરાવતા વ્યક્તિઓને જણાવવાનું કે કુંકાવાવ તાલુકાની ખાન ખીજડીયા પ્રા.શાળા નો જર્જરિત ઈમલો હરરાજીથી ખરીદવા રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, ખાન ખીજડીયા પ્રા.શાળા ખાતે નળિયાવાળા રૂમ ત્રણ (૩), નાળિયાવાળુ એમ.ડી.એમ રસોડું એક (૧) અને સેનિટેશન જે તે સ્થિતિમાં ફકત ઈમલાની જાહેર હરરાજી તારીખ ૧૪/૦૨/૨૦૨૫ ને શુક્રવાર ના રોજ બપોરના ૩:૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખવામાં આવેલ છે. ઈમલાની સ્થળ સ્થિતિ કચેરી સમય દરમ્યાન જોઈ શકાશે. રસ ધરાવતા ઈસમોએ શરતોને આધીન સ્વ ખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેર નિવેદન કરવામાં આવે છે. સદર ઈમલાના નિયમો અને શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

**નોંધ : પૂરા ઈમલાની અપસેટ કિંમત રૂ.૧૮,૭૮૬/- (અઢાર હજાર સાતસો છયાશી રૂપિયા) પુરા છે.**

એન.પી. પઢિયાર, સભ્ય સચિવ - વ - આચાર્ય | એમ.એન.દાફડા, અધ્યક્ષ
એસ.એમ.સી. ખાન ખીજડીયા, પ્રા.શાળા, તા.કુંકાવાવ







### -//એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-

અપીલ અરજી નં.૧૧/૨૦૨૫

**અરજદાર :-** શ્રી શારદાબેન ધીરજલાલ સાવલીયા
રહે. બ્લોક નં.૧૮, રામપાર્ક, ગંગાનગર-૧,
ચક્કરગઢ રોડ, તા/જી-અમરેલી
અરજદાર તર્ફે વિ.વ.શ્રી સચિન જી.મહેતા તથા
વિ.વ.શ્રી ઈકબાલ એમ. મોગલ

**-: વિરૂધ્ધ :-**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી તા/જી-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં શારદાબેન ધીરજલાલ સાવલીયા, તેમના પુત્રશ્રી મનીષ ધીરજલાલ સાવલીયાની જન્મ (તા.૩૦/૦૧/૧૯૮૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી અકે માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવમાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સહી સિક્કા કરી આપ્યા.

સહી,
(જી.જી. બાવીસા)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર






# રાજુલામાં પાલિકાની ચૂંટણી માટે વિવિધ વોર્ડમાં કોંગ્રેસના કાર્યાલયોનો પ્રારંભ

રાજુલા,તા.૦૯

રાજુલા નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે કોંગ્રેસ દ્વારા દરેક વોર્ડમાં કાર્યાલય શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતની અધ્યક્ષતામાં અને પ્રદેશ મહિલા કોંગ્રેસના અધ્યક્ષ જેનીબેન ઠુમ્મરની આગેવાનીમાં આ કાર્યાલયના ઉદ્‌ઘાટન કરવામાં આવ્યા હતા. રાજુલા પાલિકામાં ૭ વોર્ડમાં ૨૮ બેઠકો માટે ૧૬



ફેબ્રુઆરીએ મતદાન હોવાથી કોંગ્રેસે દરેક વોર્ડમાં કાર્યાલયો ખોલીને કાર્યકર્તાઓમાં જુસ્સો વધાર્યો હતો. ૨૦૧૮ની ચૂંટણીમાં ૨૮ બેઠકોમાંથી ૨૭ બેઠકો પર કોંગ્રેસનું બુલડોઝર ફરી વળ્યુ હતું અને ભાજપની કરારી હાર થઈ હતી. આ વખતે પણ કોંગ્રેસે ભાજપને પછડાટ આપવા રણનીતિ ઘડી કાઢી છે. રાજુલાની ૨૮ બેઠકો અને જાફરાબાદની ૧૦ બેઠકોમાં કોંગ્રેસ વિજય મેળવે તે માટે જિલ્લા કોંગ્રેસના અગ્રણી ટીકુભાઈ વરુની આગેવાનીમાં જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા જે.ડી. કાછડ, વલ્લભભાઈ ઝિંઝુવાડીયા, રવિરાજભાઈ ધાખડા, દિપકભાઈ ત્રિવેદી, ગાંગાભાઈ હડિયા, નાયાભાઈ ગુજર, ભગવાનભાઈ રામ સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ચલાલામાં ભાજપના કાર્યકરોએ દિલ્હીમાં પક્ષના જ્વલંત વિજયને ફટાકડા ફોડીને વધાવ્યો

**ફટાકડા ફોડ્યા અને મીઠાઇઓ વહેંચી ખુશી વ્યક્ત કરી**

ચલાલા,તા.૦૯

નવી દિલ્હીમાં ૨૭ વર્ષ પછી ભાજપનો વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય થતાં તેની ઉજવણી ચલાલામાં કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી. નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ગીતાબેન કારીયાના કાર્યાલયે



કાર્યકરોએ ફટાકડા ફોડીને અને અરસપરસ મીઠાઈ વહેંચી પક્ષના વિજયને વધાવ્યો હતો. આ તકે શહેર ભાજપના પૂર્વ મહામંત્રી પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ હતું કે ગુજરાતના સપુત અને વિશ્વના લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદીની વિકાસ યાત્રામાં નવી દિલ્હીના મતદારો જોડાયા છે અને આપના ભષ્ટાચારને જાકારો આપ્યો છે. આ તકે ગીતાબેન કારીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ અશોકભાઈ કાથરોટીયા, નીતિનભાઈ વાળા, રેખાબેન ગોસાઈ, મુકેશભાઈ રાઠોડ, પ્રદિપભાઈ પુરોહીત, વિજયભાઈ વાળા, સી.ડી.ભાઈ વાળા, સુનીલભાઈ વંડરા, ભુપતભાઈ બારોટ, રાહુલભાઈ સહિતના કાર્યકરોએ વિજયને વધાવ્યો હતો.

# દામનગરમાં ઓફિસ બહાર ચપ્પલ કાઢવાનું કહેતા ગાળો આપી

દામનગર, તા.૦૯

દામનગરમાં ઓફિસની બહાર ચપ્પલ કાઢવાનું કહેતા ગાળો આપવામાં આવી હતી. બનાવ અંગે ભાવેશભાઈ રસીકલાલ જોષી (ઉ.વ.૬૬) એ ભુરખીયા ગામે રહેતા અભિ પરમાર નામના વ્યક્તિ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ દામનગર ખાતે એમ.સી. મહેતા હાઈસ્કૂલની સામે આવેલી ભારત ગેસની ઓફિસમાં પોતાની નોકરી ઉપર હતા તે દરમિયાન આરોપી ઓફિસે ચપ્પલ પહેરીને આવતા તેને ચપ્પલ બહાર કાઢવાનું કહ્યું હતું. જેથી તેણે ચપ્પલ બહાર નથી કાઢવા અને તું અમારી બુક લાવ તેમ કહી ગાળો આપી તથા ઢીકાપાટુથી માર મારી ઈજા કરી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં સ્વામિનારાયણ મંદિરનો ૨ ૩મો પાટોત્સવ અને શિક્ષાપત્રી કથાનો પ્રારંભ

સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલામાં શિવાજીનગર ખાતેના સ્વામિનારાયણ મુખ્ય મંદિરમાં બિરાજતા સર્વ દેવોના ૨૩મા વાર્ષિક પાટોત્સવની ધામધૂમપૂર્વક ઊજવણીનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે ત્રિદિનાત્મક સંગીતમય શૈલીમાં શિક્ષાપત્રી કથા યોજાશે, જેમાં વકતા શાસ્ત્રી નિર્લેપસ્વામીજી વ્યાસપીઠ પરથી કથામૃતનું રસપાન



કરાવશે. આ સમગ્ર મહોત્સવના યજમાન તરીકે અક્ષર નિવાસી મનજીભાઈ ગોવિંદભાઈ જયાણીનો સમગ્ર પરિવાર રહેશે. આ તકે સાવરકુંડલા શહેર અને તાલુકાના ૭૯ ગામોના હરિભક્તો દેવ દર્શન, કથામૃત રસપાન, અભિષેક વગેરે ધાર્મિક પ્રસંગોનો લાભ લેશે. આજે વિશાળ સંખ્યામાં હરિભક્તો સાથે શહેરના મુખ્ય માર્ગો પર પોથીયાત્રા નીકળી હતી. આ તકે સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભગત અતુલભાઈ જાની નિવૃત ફૌજી, અમિતગીરી ગોસ્વામી, રાજુભાઈ જયાણી આઈસ્ક્રીમ વાળા, ભીખાભાઈ કાબરીયા વગેરે હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના ગાવડકા ગામેથી પાણી ખેંચવાનું જીગરીયું મશીન ચોરાયું

અમરેલી, તા.૦૯

અમરેલીના ગાવડકા ગામેથી પાણી ખેંચવાનું જીગરીયું મશીન ચોરાયાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. બનાવ અંગે હિતેશભાઈ લઘરાભાઈ કંબોયા (ઉ.વ.૨૪)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ગાવડકા ગામે રોડ કાંઠે રહેતા તેના મિત્ર વિમલભાઈ ધીરુભાઈ ઉડેચાના રહેણાંક મકાન પાસે રોડ કાંઠે રાખેલું તેમનું પાણી ખેંચવાનું જીગરીયું મશીન અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. પોલીસ ચોપડે તેની કિંમત રૂ. ૧૦ હજાર જાહેર થઈ હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જી.બી. લાપા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પૈસા મુદ્દે ભાઈએ સગા ભાઈને ગાળો આપી ફટકાર્યો

અમરેલી, તા.૦૯

અમરેલીમાં પૈસા મુદ્દે ભાઈએ સગા ભાઈને ગાળો આપીને ફટકાર્યો હતો. હાર્દિકભાઈ અનિલભાઈ ત્રિવેદી (ઉ.વ૨૨)એ વિવેકભાઈ અનિલભાઈ ત્રિવેદી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને પૈસાની જરૂરીયાત હોવાથી પોતાના પિતા સાહેદ અનિલભાઈ ચંદ્રકાંતભાઈ ત્રિવેદી પાસે પૈસા માંગતા તેમના ભાઈને સારૂ નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુથી માર માર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જી.બી. લાપા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના કોટડી ગામના યુવકને રીલ્સના આધારે ચણીયાચોળીનો ઓર્ડર આપવાનું ભારે પડ્યું

**રૂપિયા ૯૯,૦૫૦ની છેતરપિંડી કરવામાં આવી**

રાજુલા, તા.૦૯

અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમથી બચવા કેવી સાવધાની રાખશો તે અંગે પોલીસ દ્વારા સતત અભિયાન ચલાવવામાં આવે છે તેમ છતાં લોકો ભોગ બની રહ્યા છે. રાજુલાના કોટડી ગામના યુવકે રીલ્સ જોઈને ચણીયાચોળીનો ઓર્ડર આપ્યો હતો. જે બાદ કટકે કટકે મળી એક લાખ જેટલી રકમ પડાવીને છેતરપિંડી કરવામાં આવી હતી. રાજુલાના કોટડી ગામે રહેતા દાનાભાઈ માલાભાઈ નાઘેરા (ઉ.વ.૨૭)એ ઈન્સ્ટાગ્રામ પર મહાલક્ષ્મી ફેશન નામની ફેક આઈડીના ધારક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેણે વાયરલ રીલ્સ જોઈને ચણીયા ચોળીનો ઓર્ડર આપ્યો હતો. જે બાદ તેમને ફોન કરી ઓર્ડરના બીલ બનાવવાના બહાને વધુ રૂપિયા જમા કરાવવાનું કહી પરત આપી દેવામાં આવશે તેવો વિશ્વાસ આપ્યો હતો. આરોપીએ તેમની પાસેથી વિવિધ રકમના રૂપિયા ૯૯,૦૫૦ નું ટ્રાન્ઝેકશન કરાવીને છેતરપિંડી આચરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ. કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે.

# જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલેન્સ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન શરૂ

અમરેલી, તા.૦૯

ગજેરા કેમ્પસમાં ૫૬૦થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ મેળવી રહ્યા છે. ગુજરાત સરકાર દ્વારા જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલેન્સ (GSRSE) યોજના અંતર્ગત ધોરણ ૬ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે રહેવા, જમવા, અભ્યાસ, યુનિફોર્મ, સ્ટેશનરી જેવી તમામ સુવિધાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે. આ યોજનાનો હેતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ અને શ્રેષ્ઠ શૈક્ષણિક માળખું ઉપલબ્ધ કરાવવાનો છે.

આ યોજના અંતર્ગત પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ ધોરણ ૧ થી ૫ સુધી સરકારી, ગ્રાન્ટેડ કે RTI અંતર્ગત શાળામાં અભ્યાસ કર્યો હોવો જોઈએ અને તેમની CET પરીક્ષા દ્વારા મેરીટના આધારે પસંદગી આપવામાં આવશે. આ માટે રજિસ્ટ્રેશન ૭થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન કરી શકાશે અને તેની પરીક્ષા ૨૨ માર્ચ (શનિવાર)ના રોજ લેવાશે. પરીક્ષાની કોઈ ફી નથી. અમરેલીમાં ગજેરા કેમ્પસ, લાઠી રોડ ખાતે આ યોજના કાર્યરત છે, જ્યાં હાલ ૫૬૦થી વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. વધુ માહિતી માટે ગજેરા કેમ્પસની રૂબરૂ મુલાકાત લેવી.

# સાવરકુંડલામાં નેસડી રોડના પીકઅપ બસ સ્ટેન્ડ પાસેથી દારૂની બોટલો સાથે શખ્સ ઝડપાયો

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલામાં નેસડી રોડના પીકઅપ બસ સ્ટેશન પાસેથી એક યુવક દારૂની પાંચ બોટલ સાથે ઝડપાયો હતો. વિમલભાઈ કાળુભાઈ આંબલીયા (ઉ.વ.૨૯) પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની પાંચ બોટલ સહિત કુલ રૂપિયા ૫૪૭૫નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જિલ્લામાં બે મહિલા સહિત ૮ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાં વિવિધ સ્થળેથી પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ૧૮ લોકો મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: તેરસ
તા. ૧૦-૦૨-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૭:૦૩,
સૂર્યાસ્ત-૦૬:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુનર્વસુ

## દૈનિક રાશિફળ

**તા. ૧૦-૦૨-૨૦૨૫ — સોમવાર**

મેષ: આજે ક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ થશે અને નવી તકો પણ પ્રાપ્ત થશે. તમે આજે ધંધામાં રોકાણ કરી શકો છો. તેમાં લાભનો યોગ છે.

વૃષભ: આજે તમારા વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં મિશ્ર અસર રહેશે. તમે તમારી બુદ્ધિ અને સમજણથી ઘણી જટિલ બાબતોને ઉકેલશો.

મિથુન: આજનો દિવસ રોમેન્ટિક બની શકે છે, તમે આનંદની ક્ષણો માણશો. જૂના વિવાદો અને નુકસાનને ભૂલી જવાનો દિવસ પણ છે.

કર્ક: આ દિવસે તમે જે કામ કરવા માગો છો તેમાં મૂંઝવણ રહેશે. પરંતુ જે પણ કામ એક ચિત્તે કરવામાં આવશે, તેમાં વિજય ચોક્કસ મળશે.

સિંહ: આજે તમારે કેટલાંક કેસમાં નિરાશ થવું પડી શકે છે. છેલ્લા દિવસોથી જે યોજના પર કામ કરી રહ્યા છો તેમાં વિરામ આવી શકે છે.

કન્યા: આજે કાર્યક્ષેત્રમાં યોગ્યતા વિકસાવવાથી લાભ મળશે. આજે તમે બિઝનેસમાં સફળતા મેળવવા માટે સખત મહેનત કરશો.

તુલા: આજે કોઈ અનુભવી અને વરિષ્ઠ વ્યક્તિની સલાહને અનુસરીને પણ તમને લાભ મળશે. ઓફિસમાં આજે કેટલાંક યુવાન સાથીઓ દ્વારા તમને પ્રોત્સાહન મળી શકે છે.

વૃશ્ચિક: ઓફિસનું વાતાવરણ થોડું ગંભીર રહેશે, જે તમને માનસિક રીતે વિચલિત કરી શકે છે. વાતાવરણને જીવંત બનાવવાનો પ્રયત્ન કરશો.

ધન: વિવાહિત જીવન આજે સુખી રહેશે. આજે તમે તમારા જીવનસાથી અને પરિવારને પૂરો સમય આપી શકશો, જે યાદગાર ક્ષણ હશે.

મકર: આજનો દિવસ કસોટીનો રહેશે. જો તમે થોડા દિવસો માટે ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છો, તો તે ખરાબ સમય સમાપ્ત થવાનો છે.

કુંભ: આજનો દિવસ તમારી પરીક્ષાનો રહેશે. તમે હાલમાં જે કાર્ય કરી રહ્યા છો તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું છે, ભવિષ્યની યોજનાઓની ચિંતા ના કરો.

મીન: આજે તમે ઓફિસમાં અધિકારીઓની મદદથી તમામ પ્રકારની સમસ્યાને ઉકેલી શકશો. સાથીઓ તમારા કાર્યથી પ્રભાવિત થશે.

# પતિએ દારૂ પીવા પૈસા માંગતા પત્નીએ ન આપતાં ઘરમાંથી કાઢી મૂકી

**મુંઢમાર મારીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

ખાંભા, તા.૦૯

ખાંભાના મોટા સરાકડીયા ગામે રહેતી એક યુવતીના લગ્ન ઉના તાલુકાના સોંદરડી ગામના યુવક સાથે થયા હતા. પતિને દારૂ પીવાની ટેવ હતી અને વારંવાર આ માટે પત્ની પાસે પૈસા માંગતો હતો. પત્નીએ પૈસા ન આપતાં તેની સાથે મારઝૂડ કરી પહેરેલા કપડાંએ ઘરમાંથી કાઢી મૂકી હતી. બનાવ અંગે રેણુકાબેન સંજયભાઈ જોગદિયા (ઉ.વ.૨૪)એ સોંદરડી ગામે રહેતા પતિ સંજયભાઈ જીવણભાઈ જોગદિયા, સસરા જીવણભાઈ જોગદિયા તથા કામલબેન જીવણભાઈ જોગદિયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પતિને દારૂ પીવાની ટેવ હતી. અવારનવાર દારૂ પીવા પૈસા માંગતા હતા પરંતુ તેઓ મજૂરી કામ કરતા હોવાથી પૈસા આપતા નહોતા. આરોપીઓ આખા ઘરનું ગુજરાન ચલાવવા ખર્ચાના પૈસા માંગતા હતા. જેથી તેમણે પૈસા આપ્યા નહોતા. ત્રણેય આરોપીઓ અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. આ બાબતે તેના સાસરિયામાં લાકડી વડે કમરના ભાગે મુંઢમાર માર્યો હતો અને ફાઈબરનો પાટલો પીઠના ભાગે માર્યો હતો. તેમજ આડેધડ મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્રણેય આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી પહેરેલા કપડાંએ ઘરેથી કાઢી મૂકી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કુમેશભાઈ બાઘાભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના મેકડા ગામેથી ૪ શકુની ઝડપાયા

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલાના મેકડા ગામેથી પોલીસે ચાર જુગારીને ઝડપી પાડ્યા હતા. તેમના પાસેથી ૧૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. મુન્નાભાઈ દેવશીભાઈ બાબરીયા, ભરતભાઈ હરજીભાઈ હેલૈયા, હિરાભાઈ અરજણભાઈ હેલૈયા તથા અનિલભાઈ ગોરધનભાઈ ચનુરા મેકડા ગામે બજારવાડીમાં જાહેરમાં ગંજીપતાના પાના તથા પૈસા વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂા.૧૮૦૦ સાથે ઝડપાયા હતા.

# અમરેલી જિલ્લામાં ફોરવ્હીલમાં બેસાડીને લૂંટી લેતી ટોળકી સક્રિય થઈ: સતત બીજા દિવસે બનાવ બન્યો

**જિલ્લામાં અજાણી કારમાં બેસતા પહેલાં સો વખત વિચારજો**

અમરેલી, તા,૦૯

અમરેલી જિલ્લામાં કારમાં લિફ્ટ આપીને લૂંટી લેતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગે છે. સતત બીજા દિવસે આવો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. ખાંભાના કંટાળા ગામે રહેતા પ્રૌઢને કારમાં બેસાડી સોનાના ત્રણ બટન જાણ બહાર ચોરી લીધા હતા. બનાવ અંગે કાનાભાઈ નારણભાઈ કવાડ (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ, બોરાળાથી હનુમાનપુર ગામ જવાના રસ્તે આરટીઓ નંબર જીજે-૧૩-એબી-૧૩૪૭ના ચાલકે તથા બે અજાણ્યા પુરુષ અને એક અજાણી સ્ત્રીએ તેમને ફોરવ્હીલમાં બેસાડ્યા હતા. જે બાદ તેમના ખમીસના સોનાના ત્રણ બટનની ચોરી કરી હતી. આ ત્રણેય બટનની કિંમત રૂ. ૪૫,૦૦૦ જાહેર થઈ હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે. એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે. આ બનાવના એક દિવસ પહેલાં જ સાવરકુંડલા ખાંભા ટી પોઈન્ટથી બાઢડા જતા રસ્તે ફોરવ્હીલ કારના ચાલક તથા તેની સાથેના અજાણ્યા બે પુરુષ તથા એક સ્ત્રીએ એમ કુલ ચારેયે મળી ગીર ગઢડાના ધોકડવા ગામે રહેતી મહિલાને ફોરવ્હીલમાં બેસાડી તેમની જાણ બહાર તેમણે ગળામાં પહેરેલ આશરે દોઢ તોલા વજનની સોનાની ચેન કિં.રૂ.૭૦,૦૦૦ ચાલાકીથી છીનવી લીધી હતી.

# લાઠીના મતીરાળા ગામે પૈસાની લેતીદેતી મુદ્દે યુવકને ધમકી આપી

**લગ્ન પ્રસંગમાંથી પરત ફરતા યુવકને આંતરી હુમલો કર્યો**

લાઠી, તા.૦૯

લાઠીના મતીરાળા ગામે પૈસાની લેતીદેતી મુદ્દે યુવકને ફટકારવામાં આવ્યો હતો. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી.

બનાવ અંગે ગોંડલના કુંભાજી દેરડી ગામના ધવલભાઈ વિનુભાઈ નરોડીયા (ઉ.વ.૩૪)એ લાઠીના મતીરાળા ગામે રહેતા ગૌતમભાઈ દેવશીભાઈ મેતલીયા, વિમલભાઈ ગૌતમભાઈ મેતલીયા તથા ત્રણ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના મોટા ભાઈને વિમલભાઈ મેતલીયા સાથે પૈસાની લેતીદેતી કરી હતી. આરોપી તેમના ભાઈ પાસે પૈસાની ઉઘરાણી કરતા ભાઈ ઘરેથી ચાલ્યો ગયો હતો. તેઓ લગ્ન પ્રસંગમાં ગયા હતા અને ત્યાંથી ચાલીને ઘરે જતા હતા ત્યારે ઉભા રાખી તેની દુકાનની બાજુના ડેલામાં ધક્કો મારી લઈ જઈ એક અજાણ્યા આરોપીએ અંદરથી બારણુ બંધ કરી ગેરકાયદે અટકાયત કરી હતી. ઉપરાંત ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

**તંત્રી લેખ**

# દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ કમળ ખીલ્યું

વનવાસ ૧૪ વર્ષનો હોય પરંતુ દિલ્હીમાં ભાજપનો વનવાસ ૨૭ વર્ષ સુધી ચાલ્યો. આટલા લાંબા સમય પછી પાટનગર નવી દિલ્હીમાં ફરી એક વખત કમળ ખીલતા ભગવા ઝંડાનો જયજયકાર થઈ ગયો. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપની પ્રચંડ બહુમતી સાથે જીત થઈ છે. આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ છે. AAPના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ, તો જંગપુરામાંથી મનિષ સિસોદીયા ચૂંટણી જંગ હાર્યા છે. કોંગ્રેસ આ વખતે પણ ખાતું ખોલાવી શકી નથી. દિલ્હીમાં ૧૯૯૩ બાદ પ્રથમ વખત ભાજપ જીતી છે. અરવિંદ કેજરીવાલ ૨૦૧૩ થી દિલ્હીમાં શાસન કરી રહ્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામોના વલણોમાં ભાજપનો દિલ્હીમાં ૨૭ વર્ષ જૂનો વનવાસ પૂરો થયો છે. ભાજપે પોતાની બહુમતી સાથે જીત નિશ્ચિત થતાં જ સોશિયલ મીડિયા પર જીતનું પોસ્ટર રજૂ કર્યું હતું. જેમાં ઈન્ડિયા ગેટ પર કમળ ખીલતું જોવા મળ્યું છે. ભારતીય જનતા પાર્ટી (BJP)એ ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં સત્તામાં વાપસી કરી છે. હવે સૌથી મોટો પ્રશ્ન એ છે કે ભાજપ તરફથી મુખ્યમંત્રીનો ચહેરો કોણ હશે. સીએમની રેસમાં નવી દિલ્હીથી એપીપી ચીફ અરવિંદ કેજરીવાલને હરાવનાર પ્રવેશ વર્મા અને બીજેપી સાંસદ મનોજ તિવારીનું નામ આગળ છે. જો કે, હરિયાણા, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં જોવામાં આવ્યું હતું તેમ, ભાજપ ઘણીવાર મુખ્યમંત્રીના નામને લઈને આશ્ચર્યજનક નિર્ણયો લે છે. આવી સ્થિતિમાં ભાજપ દિલ્હીમાં પણ મુખ્યમંત્રી પદ માટે સરપ્રાઈઝ આપે તેવી શક્યતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંજે ૭.૩૦ વાગે ભાજપ ઓફિસ પહોંચ્યા જ્યાં પક્ષના કાર્યકરો અને નેતાઓને પ્રચંડ જીત બદલ સંબોધિત કર્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણીના વલણોમાં આમ આદમી પાર્ટીના ખરાબ દેખાવો પર સામાજિક કાર્યકર અન્ના હજારેએ આક્ષેપ કર્યો કે, મેં હંમેશા કહ્યું છે કે, એક ઉમેદવારનો વ્યવહાર, તેમના વિચારો શુદ્ધ હોવા જોઈએ. જીવનમાં કોઈ દાગ ન હોવો જોઈએ. સારા વિચારો મતદાતાઓનો વિશ્વાસ વધારે છે. મેં કેજરીવાલને આ સલાહ આપી હતી. પરંતુ તેણે તેના પર ધ્યાન આપ્યું નહીં. તે તો માત્ર ધન-દોલત બનાવવા માગતા હતા, દારૂના કારણે બદનામ થયા. તે સત્તાબળથી ખુશ હતા. બીજી બાજુ દિલ્હીના મુખ્યમંત્રી આતિશીએ ભારે રસાકસી બાદ અંતે જીત મેળવી હતી. તેણે કાલકાજી બેઠક પરથી રમેશ બિધૂડીને હરાવ્યા હતા. AAP ના દિગ્ગજ નેતાઓ અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદીયા હાર્યા પરંતુ આતિશીએ જીત હાંસલ કરી પાર્ટીની લાજ રાખી છે. બિધૂડીને ચૂંટણી પ્રચાર દરમિયાન આતિશી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા પ્રિયંકા ગાંધી વિશે અપમાનજનક ટીપ્પણીઓ ભારે પડી. ગ્રેટર કૈલાશ બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર સૌરભ ભારદ્વાજ હાર્યા છે, જ્યારે ભાજપના શિખા રાયએ જીત હાંસલ કરી છે. આરકે પુરમમાંથી ભાજપના અનિલ કુમાર શર્મા, ત્રિલોકપુરીથી રવિ કાંત જીત્યા છે. કેજરીવાલના આદેશથી દિલ્હી સચિવાલયના ઉચ્ચ અધિકારીઓને તુરંત AAPના કાર્યાલય બોલાવવામાં આવ્યા અને તેમને સરકારી દસ્તાવેજ અને ડેટા પ્રોટેક્ટ કરવા આદેશ કરાયો છે. આ કામ બને એટલી ઝડપથી કરવા માટે સૂચના આપવામાં આવી છે જેથી કરીને દિલ્હીની નવી સરકાર પાસે અરવિંદ કેજરીવાલના દસ્તાવેજો હાથમાં ન આવે. આ દસ્તાવેજો હાથમાં આવી જાય તો આમ આદમીની પાર્ટીના દિગ્ગજ નેતાઓ સળિયા પાછળ જઈ શકે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આજે આ કામ બને એટલી ઝડપથી પતાવી દેવા માટે આદેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ મનિષ સિસોદીયા હાર બાદ પક્ષના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા હતા. AAPના કાર્યાલયથી જીતની ઉજવણી કરવા ગોઠવાયેલી ખુરશીઓ, ટેબલ અને સાઉન્ડ સિસ્ટમ હટાવી લેવામાં આવી હતી. નવી દિલ્હી બેઠક પર આપના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલને ૩૧૮૨ મતોથી હરાવ્યા બાદ પરવેશ વર્માએ જનતાનો આભાર માન્યો હતો. અને કહ્યું કે, દિલ્હીના લોકોએ પીએમ મોદી પર વિશ્વાસ દર્શાવ્યો છે. મારી જીતનો શ્રેય હું દિલ્હીની જનતાને આપીશ. અમને છેલ્લા દસ વર્ષથી તેમનો સાથ મળ્યો ન હતો. પરંતુ હવે જે સરકાર બની રહી છે, તે પીએમ મોદીના વિઝન પર કામ કરશે. આમ આદમી પાર્ટીના સોમનાથ ભારતી માલવિય નગરમાં હાર્યા છે. ભાજપના ઉમેદવાર સતિષ ઉપાધ્યાયે આકરી ટક્કર સાથે સોમનાથ ભારતીને હરાવ્યા છે. દિલ્હી ચૂંટણીના પરિણામો પર કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પ્રતિક્રિયા આપી છે કે, તે સ્પષ્ટ હતું કે, દિલ્હીના લોકો બદલાવ ઈચ્છે છે અને પરિણામ તેનો પુરાવો આપે છે. જીતનારા તમામને શુભેચ્છાઓ, અમારે હજી ગ્રાઉન્ડ લેવલે કામ કરવાની જરૂર છે. આના પરથી અમે બોધ લઈશું અને આગળ વધીશું.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

**કારકિર્દી માર્ગદર્શન**
**- અમરેલી ગણિત વર્તુળ**
**ડો. ગોપાલ કે. રાઠોડ**
**મો.નં.૯૪૦૮૫૫૫૯૭૯**

નમસ્તે વિદ્યાર્થી મિત્રો,

ગયા બે અંકોમાં આપણે સંખ્યાના વર્ગ અને વર્ગમૂળ શોધવા માટેની કેટલીક શોર્ટકટ વિશે ચર્ચા કરી અને તેનો ઉપયોગ કરી કેટલાક પ્રશ્નોના ઉકેલ મેળવ્યા. આ લેખમાં આપણે 'ઘન અને ઘનમૂળ' વિશે ચર્ચા કરીશું અને તેનો ઉપયોગ કરી કેટલાક પ્રશ્નોના ઉકેલ પણ મેળવીશું.

કોઈ પણ સંખ્યાનો ઘન એટલે તે સંખ્યાનો પોતાની સાથે બે વાર ગુણાકાર કરવો અને જેમ વર્ગ અને વર્ગમૂળ એકબીજાની વિરુદ્ધની ક્રિયાઓ છે તેમ ઘન અને ઘનમૂળ પણ એકબીજાની વિરુદ્ધની ક્રિયાઓ છે. કોઈ પણ સંખ્યાનો ઘન લખવા માટે તે સંખ્યાની ઘાતમાં 3 લખવામાં આવે છે અને ઘનમૂળ લખવા માટેનો સંકેત $\sqrt[3]{\ }$ છે. શાળા અભ્યાસ દરમિયાન આપણે 'ઘન અને ઘનમૂળ' વિશે અભ્યાસ કરી ચુક્યા છીએ જેમાં કોઈ પણ સંખ્યાનો ઘન કરવો અને ઘનમૂળ મેળવવા માટેની અવયવીકરણની રીતનો અભ્યાસ કર્યો છે. પરંતુ અહિ આપણે સ્પર્ધાત્મક પરીક્ષાને અનુલક્ષીને ઘનમૂળ મેળવવાની શોર્ટકટ વિશે ચર્ચા કરીશું.

કોઈ પણ સંખ્યાનો ઘન કરવા માટેના સીધા પ્રશ્નો સ્પર્ધાત્મક પરિક્ષામાં પુછાતા નથી હોતા અને જે પ્રશ્નો પુછાય છે તે બીજગણિતના સુત્રોનો ઉપયોગ કરીને જવાબ મેળવી શકાય છે જે હવે આપણે પછીના લેખમાં ચર્ચા કરીશું. તો હવે આપણે પૂર્ણઘન સંખ્યાનું ઘનમૂળ મેળવવા માટેની ચર્ચા કરીશું.

**પૂર્ણઘન સંખ્યાનું ઘનમૂળ મેળવવાની રીતઃ**

આપણને 0 થી 9 સુધીની સંખ્યાનો ઘન ખબર છે. $0^3=0$, $1^3=1$, $2^3=8$, $3^3=27$, $4^3=64$, $5^3=125$, $6^3=216$, $7^3=343$, $8^3=512$, $9^3=729$, જેના પરથી એક તારણ કરી શકાય કે જયારે આપેલી પૂર્ણઘન સંખ્યાનો એકમનો અંક 0, 1, 4, 5, 6 કે 9 હોય ત્યારે તેના ઘનમૂળના એકમના અંક માટે તે સંખ્યા પોતે જ આવી શકે અને જયારે એકમનો અંક 2 હોય ત્યારે ઘનમૂળનો એકમના અંક 8 આવે અને જયારે એકમનો અંક 8 હોય ત્યારે ઘનમૂળનો એકમના અંક 2 આવે. તેવી જ રીતે જયારે એકમનો અંક 3 હોય ત્યારે ઘનમૂળનો એકમના અંક 7 આવે અને જયારે એકમનો અંક 7 હોય ત્યારે ઘનમૂળનો એકમના અંક 3 આવે. જે માટે નીચેનું કોષ્ટક યાદ રાખી શકો છો.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પૂર્ણઘન સંખ્યાનો એકમનો અંક | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| ઘનમૂળનો એકમનો અંક | 0 | 1 | 8 | 7 | 4 | 5 | 6 | 3 | 2 | 9 |

હવે પૂર્ણઘન સંખ્યાનું ઘનમૂળ મેળવવા માટે અહી આપેલા સ્ટેપને અનુસરો. સૌપ્રથમ આપેલી સંખ્યાના બે ભાગ પાડો. સો, દશક અને એકમથી બનતી સંખ્યાનો પ્રથમ ભાગ અને બાકીના અંકથી બનતી સંખ્યા બીજો ભાગ. ત્યારબાદ પ્રથમભાગની સંખ્યાના એકમના અંક પરથી ઉપરના કોષ્ટક મુજબ ઘનમૂળનો એકમનો અંક નક્કી કરો. ત્યારબાદ બીજાભાગની સંખ્યા માટે એવી બે ક્રમિક સંખ્યા શોધો કે જેના ઘનની વચ્ચે બીજાભાગની સંખ્યા આવે તેમાંથી નાની સંખ્યા ઘનમૂળના દશકના અંક તરીકે આવે. ચાલો એક ઉદાહરણ લઈને સમજીએ.

ઉદા.(૧) 4913 નું ઘનમૂળ મેળવવા માટે આપેલી સંખ્યાના બે ભાગ પડતા પ્રથમભાગ 913 અને બીજોભાગ 4 મળે. હવે પ્રથમભાગ 913 નો એકમનો અંક 3 છે તો ઘનમૂળનો એકમનો અંક 7 થાય. બીજોભાગ 4 છે જે 1 અને 2 ના ઘનની વચ્ચે આવે, $1^3<4<2^3$, જે પૈકી નાની સંખ્યા 1 છે તો 4913 નું ઘનમૂળ 17 થાય, $\sqrt[3]{4913}=17$.

ઉદા.(૨) 13824 નું ઘનમૂળ મેળવવા માટે આપેલી સંખ્યાના બે ભાગ પડતા પ્રથમભાગ 824 અને બીજોભાગ 13 મળે. હવે પ્રથમભાગ 824 નો એકમનો અંક 4 છે તો ઘનમૂળનો એકમનો અંક 4 થાય. બીજોભાગ 13 છે જે 2 અને 3 ના ઘનની વચ્ચે આવે, $2^3<13<3^3$, જે પૈકી નાની સંખ્યા 2 છે તો 13824 નું ઘનમૂળ 24 થાય, $\sqrt[3]{13824}=24$.

તેવી જ રીતે વિદ્યાર્થી મિત્રો તમે અહી આપેલી બાકી સંખ્યા માટે પ્રયત્ન કરી જવાબ મેળવી શકશો,

$\sqrt[3]{૨૯૨૭૧}$, $\sqrt[3]{૫૮૩૨}$, $\sqrt[3]{૮૦૪૩૫૭}$, $\sqrt[3]{૧૭૫૬૧૬}$, $\sqrt[3]{૫૪૮૭૨}$.

**દશાંશ ચિન્હ વાળી સંખ્યાનું ઘનમૂળઃ**

જયારે આપેલી સંખ્યામાં દશાંશ ચિન્હ પછીના અંક ત્રણના ગુણક હોય ત્યારે આ રીતનો ઉપયોગ કરી શકાય. દશાંશ ચિન્હવાળી સંખ્યાનું ઘનમૂળ શોધવા માટે સૌપ્રથમ આપેલી સંખ્યામાંથી દશાંશ ચિન્હને અવગણી મળતી સંખ્યાનું ઘનમૂળ શોધો. ત્યારબાદ આપેલી સંખ્યામાં દશાંશ ચિન્હ પછી જેટલા અંક હોય તેને ત્રણ વડે ભાગી જે જવાબ આવે તેટલા અંક આવે તેવી રીતે દશાંશ ચિન્હ મુકો જે આપેલી સંખ્યાનું ઘનમૂળ થશે.

ઉદા.(૧) $\sqrt[3]{0.002197}$ મેળવવા માટે પ્રથમ દશાંશ ચિન્હ અવગણી મળતી સંખ્યા 2197 છે કે જેનું ઘનમૂળ 13 થાય. હવે આપેલી સંખ્યા માં દશાંશ ચિન્હ પછી 6 અંક છે તો જવાબમાં દશાંશ ચિન્હ પછી 2 અંક આવે એ રીતે દશાંશ ચિન્હ મુકવું. તેથી $\sqrt[3]{0.002197}=0.13$ થાય.

ઉદા.(૨) તેવી જ રીતે $\sqrt[3]{0.729}=0.9$ અને $\sqrt[3]{0.015625}=0.25$

**હવે કેટલાક સ્પર્ધાત્મક પરીક્ષામાં પુછાયેલા પ્રશ્નો ઉકેલીએ.**

પ્ર.1 બે સંખ્યાના ઘનનો સરવાળો 1729 છે જે પૈકી એક સંખ્યા 10 હોય તો બીજી સંખ્યા શું થાય?

(a) 6 (b) 7 (c) 8 (d) 9

જવાબઃ (d) 9.

ધારો કે બીજી સંખ્યા X છે તો $X^3+10^3=1729 \rightarrow X^3+1000=1729 \rightarrow X^3=1729-1000=729$

તેથી, X=9

પ્ર.2 $\sqrt[3]{1331}+\sqrt[3]{216}+\sqrt[3]{729}+\sqrt[3]{64}=?$

(a) 25 (b) 30 (c) 32 (d) 35

જવાબઃ (b) 30.

$\sqrt[3]{1331}+\sqrt[3]{216}+\sqrt[3]{729}+\sqrt[3]{64}=11+6+9+4=30$.

પ્ર.3 $\sqrt[3]{(4+12/125)}=?$

(a) 1.2 (b) 1.5 (c) 1.6 (d)1.8

જવાબઃ (c) 1.6

$\sqrt[3]{(4+12/125)}=\sqrt[3]{500+12/125)}=\sqrt[3]{(512/125)}=8/5=1.6$

પ્ર.4 $\sqrt[3]{15612+\sqrt{154+\sqrt{225}}}$ = _____

(a) 15 (b) 25 (c) 75 (d) 125

જવાબઃ (b) 25

$\sqrt[3]{15612+\sqrt{154+\sqrt{225}}}$

$=\sqrt[3]{15612+\sqrt{154+15}}$

$=\sqrt[3]{15612+\sqrt{169}}$

$=\sqrt[3]{15612+13}$

$=\sqrt[3]{15625}=25$

પ્ર.5 3600 ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ગુણવાથી તેને પૂર્ણઘન બનાવી શકાય?

(a) 12 (b) 20 (c) 60 (d) 30

જવાબઃ (c) 60

કોઈ પણ સંખ્યા પૂર્ણઘન થવા માટે અવિભાજ્ય અંકની ત્રણ જોડ બનવી જોઈએ. અહી $3600=2\times2\times2\times2\times3\times3\times5\times5$ જેમાં ત્રણની જોડ બનાવવા માટે ઘટતા અંકો 2,2,3,5 છે જેનો ગુણાકાર $2\times2\times3\times5=60$ થાય જેને 3600 સાથે ગુણવાથી તે પૂર્ણઘન સંખ્યા થાય.

પ્ર.6 3600 ને નાનામાં નાની કઈ સંખ્યા વડે ભાગવાથી તેને પૂર્ણઘન બનાવી શકાય?

(a) 450 (b) 250 (c) 400 (d) 500

જવાબઃ (a) 450

ઉપરના પ્રશ્ન પરથી જોઈ શકાય કે 2,3,3,5,5 એ અંકનથી માટે ત્રણની જોડ બનતી નથી જેનો ગુણાકાર $2\times3\times3\times5\times5=450$ જેના વડે ભાગવાથી તેને પૂર્ણઘન બનાવી શકાય.



# ઈશ્વર તારી અકળ ગતિ, પતંગિયાના પેટમાં બતી!

**મનન ચિંતન**
**ભરત બાવીશી**



અખિલ બ્રહ્માંડના અધિપતિ એવા ઈશ્વરની લીલા અપરંપાર છે. આપણી આસપાસ જલ હોય કે સ્થળ, અંબર હોય કે ધરતી, આકાશ હોય કે પાતાળ, હવાથી લઈને પાણી અને શુક્ષ્મ જીવાણુંથી લઈને મહાકાય પ્રાણી કે પશુ, પક્ષી, વનસ્પતિથી લઈને માનવના સર્જનમાં સર્જનહારે અદભુત આયોજન કરેલું છે. પ્રકૃતિના પાર વગરના ઘટકોના ઘાટ ઘડવામાં ઘડવૈયાએ નીત-નવા રંગોને છૂટા હાથે વેર્યા છે. ક્યાંક બરફના થરમાં તો ક્યાંક દરિયાના પેટાળમાં અનેક જીવોને જીવાડે છે. ઉંચે ઉંચે આભમાંથી ઉતારીને ધરતીના પેટાળમાં પાણી પુગાડે છે એ ઈશ્વર કેવો ગજબનો ઈજનેર છે. કાળા નાગના મોમાં કાતિલ ઝેર ભરીને સામે ઔષધીય વનસ્પતિ રૂપી અમૃત ઉગાડનાર ઈશ્વર કેવો ગજબનો વૈજ્ઞાનિક છે. હૃદયને ધબકતું રાખનારને પણ હૃદયની બીમારીથી બચાવી ના શકાય એ સર્જનહારનો ચમત્કાર કેવો ગજબનો છે. ઉદરમાં ઉછરતા બાળકમાં જીવ પૂરનાર પછી અચાનક ક્યારે ઉપર લઈ જાય એનો અંદાજ ન આપનાર ઈશ્વર કેવો મહાન જાદુગર છે. નભમાં નરને ઉડવા માટે વિજ્ઞાનનો સહારો લેવો પડે જ્યારે પંખીને પાંખો આપીને જાતે ઉડતા કરનાર તારણહાર કેવી ગજબની તરકીબો કરે છે. પાળે છે તું, પોષે છે તું, તારે છે તું અને મારે છે પણ તું જ. કેવું અલબેલાનું આગવું આયોજન. જ્ઞાની હોય કે વિજ્ઞાની બધાને બુદ્ધિ આપીને રમાડે છે પછી અચાનક આઉટ કરીને ક્યારે પરત બોલાવે છે તું, અદભુત લીલા છે ન્યારી તારી પ્રભુ, તું પણ છે વિજ્ઞાની! પથ્થરના પોલાણમાં પોષણ પૂરું પાડીને બંધ શ્રીફળમાં પાણી પુરે છે. તું જેને યાદશક્તિ આપે એ જ પાછા તને ભૂલી જાય એવી મોહ-માયાના બંધનમાં બાંધીને પોતાની મતિ પ્રમાણે આ જગતના ચોકમાં રમતા મૂકી દે છે. પછી સંકટ સમયે કે સ્વાર્થ માટે માત્ર યાદ કરતા પામર માનવીને અચાનક એવી થાપટ મારે છે કે ભલભલા રાજાને પણ રાખનાં રમકડાં સાબિત કરી દે છે. દિવસ આખો ચાવી ભરેલા રમકડાં માફક રખડતા મારું મારું કરતા માનવીને બધી જંજાળ ભૂલવાડીને રાત્રે મીઠી નીંદરમાં સુવાડી દે છે અને સવારે જગાડવો કે નહિ એ ચાવી એના હાથમાં રાખે છે. મોટા મોટા જટિલ યંત્રો બનાવનાર અને ચલાવનારનું મુઠી જેવડું હૃદય ધબકતું રાખવું કે બંધ પાડવું એ હજાર હાથવાળો ઈજનેર એના હાથમાં રાખે છે. હજારો વર્ષો સુધીની મહેનત કરીને અનેક પેઢીઓના પુરુષાર્થથી શોધ સંશોધન કરેલ વૈભવી સવલતોના સુલતાનોને પણ ઘડીના છઠ્ઠા ભાગમાં કુદરતી આફતોની એવી થપાટ મારીને ધૂળ ચાટતા કરી દે ત્યારે ઈશ્વરની અકલ્પનીય તાકાત અને એના અસ્તિત્વનો અહેસાસ કરાવે છે એવા આ વિરાટ અને વૈભવી વૈજ્ઞાનિકના ચરણોમાં વંદન સાથે અકલ્પનીય ચમત્કારોના સર્જકનું નાનકડી પંક્તિઓના સર્જન સાથે સ્મરણ કરીએ.




ઈશ્વર તું પણ છે વિજ્ઞાની !
પથ્થર અંદર જીવ જીવે
ને બંધ શ્રીફળમાં પાણી,
ઈશ્વર તું પણ છે વિજ્ઞાની !
જવાબ દેને પેલા નભમાં
સૂર્ય ચંદ્ર ક્યાં રહેતા હશે ?
જનનીના ઉદરમાં જીવ જીવે
એ વાયુ ક્યાંથી લેતા હશે ?
તું સર્જાવે, તું સંહારે,
પણ રાખે નહિ નિશાની,
ઈશ્વર તું પણ છે વિજ્ઞાની !
પય પાન માટે જાદુગર
તેં લોહીનું દૂધ બનાવ્યું,
કયે કર્મે આ જીવ અવતરે
એ તો ના સમજાવ્યું,
કોને બંધન, આમાં કોને મુક્તિ ?
વાત રાખે છે છાની,
ઈશ્વર તું પણ છે વિજ્ઞાની !
પથ્થર અંદર જીવ જીવે
ને બંધ શ્રીફળમાં પાણી
ઈશ્વર તું પણ છે વિજ્ઞાની !

# ડબલ ગ્રેજ્યુએટ યુવાને નોકરી નહિ ધંધો પસંદ કર્યો : બે કરોડનું ટર્નઓવર

**ઝાકળનું એક બિંદુ**
**હિરેન હિરપરા**



આજના ડિગ્રીના સર્ટી.વાળા જમાનામાં શિક્ષણે બેરોજગારીનું મોંઘુ સર્જન કર્યું છે. શિક્ષણના માધ્યમથી સ્વરોજગાર પ્રાપ્ત થાય એ પ્રકારની આપણી ગુરૂકુળ વ્યવસ્થાઓ હતી. શિક્ષણ સાથે સ્વરોજગારની તાલીમ વ્યવસ્થાઓ અમલી હતી. આજે શિક્ષણ વ્યવસ્થા પુસ્તકો પુરતી મર્યાદિત બની ગઈ છે. મોંઘી અને પશ્ચિમી શિક્ષણ વ્યવસ્થાએ ભારતમાં બેરોજગારોની મોટી લાઈનો લગાવી છે. શિક્ષણનું ખાનગીકરણ એ કમાણીનું મોટું સાધન બની ગયું છે. ચીન આજે વિશ્વના બજારોમાં પોતાની પ્રોડકટથી હંફાવી રહ્યું છે. ત્યારે તેની તમામ પ્રોડક્ટ ઉપર આજે પણ ચાઈનીઝ ભાષાનો ઉપયોગ થાય છે. ત્યારે આપણે અંગ્રેજી ભાષા ઉપર કાલાઘેલા થયા છીએ. આજે યુવા પેઢીને નાનો ધંધો શરૂ કરવામાં શરમ અને સંકોચ થાય છે અને ભણતરના ડિગ્રીના થોથા લઈને લાઈનમાં ઉભું રહેવું ગમે છે. યાંત્રિકીકરણ જરૂરી છે પરંતુ માનવ સમુદાયને બેરોજગારીના ખપ્પરમાં હોમીને યાંત્રિકીકરણ જરૂરી નથી. ગોહિલવાડની ભૂમિના પ્રજાવત્સલ રાજવી કૃષ્ણકુમારસિંહજીના ભાવનગરનો એમ.એસ.આર.ડી. અને એમ.એસ.ડબલ્યુ. સુધીની ડબલ માસ્ટર ડિગ્રી ધરાવતો જાગૃત નલીનભાઈ દવે આજે પોતાના સ્ટાર્ટઅપમાં સફળ બન્યો છે. ૩૩ વર્ષિય આ યુવાને અભ્યાસ સાથે જ નક્કી કર્યું હતું કે, નોકરી તો કરવી જ નથી. નાના પાયાથી પોતાનો વ્યવસાય શરૂ કરીને આગળ વધવું છે. આજથી ૫ વર્ષ પહેલા અલગ-અલગ ધંધા-વ્યવસાયનો અભ્યાસ કર્યા પછી પોતાને ખ્યાલ આવ્યો કે દરેક ધર્મમાં પૂજા-હવનમાં અગરબત્તીનો ઉપયોગ થાય છે. આ અગરબત્તી કેમિકલ્સમાંથી બનાવવામાં આવે છે. શાસ્ત્રોક્ત વિધિમાં ગાયના દૂધ, દહિં, ગૌમુત્ર અને ગાયના છાણને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. તો ગાયના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે તો કેમિકલ્સ ફ્રી અને વાતાવરણ તેમજ માનવજાતને કોઈપણ આડઅસર વિનાની પ્રોડક્ટ આપી શકાય. આ વિચારથી ગાય, ગૌવંશની સેવા પણ થાય અને નવા પ્રકારનો વ્યવસાય પણ થઈ શકે. ગૌશાળામાંથી ગાયનું છાણ ખરીદી લાવીને તેનો પલ્વલાઈઝરમાં પાવડર બનાવી વિવિધ ઔષધિઓ તેમાં ભેળવીને ધુપ સ્ટીક બનાવવામાં આવે છે, અગરબત્તી બનાવવામાં આવે છે, આ ઉપરાંત તેઓ કપૂર સ્પ્રે, રૂમ સ્પ્રે, છાણની ટીકી, હવન સામગ્રી, હવન કપ, બોડી સ્પ્રે, કાર સ્પ્રે, ગુલાબજળ જેવી વિવિધ નેચરલ પ્રોડક્ટનું ઉત્પાદન કરીને વેંચાણ કરે છે. પોતાના આ વ્યવસાયમાં ૮ થી ૧૦ લોકોને રોજગારી મળે છે. જાગૃતભાઈ કહે છે, 'હું કોઈને ત્યાં નોકરી કરતો હોત તો હું કોઈને રોજગારી ન આપી શકત એના બદલે હું આજે રોજગારી આપું છું.' તેની તમામ પ્રોડક્ટનો ઓનલાઈન માર્કેટિંગ દ્વારા વ્યવસાય કરે છે. ઉપરાંત વિવિધ મેળાઓમાં પોતાના સ્ટોલ રાખીને પ્રચાર-પ્રસાર સાથે વ્યવસાય કરે છે. તેઓ ગાય આધારીત વ્યવસાયને હજુ વધુ આગળ લઈ જવા માંગે છે. ગાય અને આયુર્વેદનો વધુ ઉપયોગ માનવજીવનમાં થાય તેવા સતત પ્રયત્નો સાથે વ્યવસાયને આગળ વધારી રહ્યા છે. જાગૃતભાઈ કહે છે, 'આજે દેશના ખુણે-ખુણે મારી પ્રોડક્ટ પહોંચે છે. ઉપરાંત વિશ્વના પાંચ દેશો યુ.એસ., ઓસ્ટ્રેલિયા, મલેશીયા, દુબઈ, કેનેડા જેવા દેશોમાં પણ પોતાની પ્રોડક્ટ મોકલવામાં આવે છે.' આજની યુવા પેઢીને સંદેશો આપતા /જાગૃતભાઈ કહે છે, 'ડિગ્રીના સર્ટી. મેળવી બેરોજગારની લાઈનમાં ઉભા રહેવા કરતા આપણી આસપાસ નજર ફેરવી નાના ધંધાથી શરૂઆત કરો, મુશ્કેલી આવશે, છતાં ધંધો ના છોડો કે ન ફેરવો. દિલથી મહેનત કરો, સતત શિખવાની અપેક્ષા રાખો. કોઈપણ ધંધામાં ૧૦૦૦ દિવસ મહેતન કરો પછી જ સફળતાની અપેક્ષા રાખો. ૧૦૦% સફળતા મળશે.' આ વર્ષનાં અંત સુધીમાં જાગૃતભાઈનું ટર્નઓવર બે કરોડ પહોંચશે. દરેક યુવાને સ્વરોજગારીમાં જાગૃત થવાની જરૂર છે. જાગૃત દવેનો સંપર્ક નં.૮૫૩૦૩૩૯૯૯૯ છે.




**-:: તિખારો ::-**

**ભલે જીભ હોય કડવી, સાચું કહેવાની હિંમત રાખું છું. પેટમાં ભરી કશું રાખતો નથી, દિલ સાફ રાખું છું. કોણ ક્યારે, કેમ અને કેટલા સંબંધોમાં બદલાયા તેનો હિસાબ રાખું છું. બદલાયેલા માણસો સાથે જતું કરવાની આદત રાખું છું.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી.આર.ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન: ૯૨૭૫૭ ૦૮૩૪૨

## જમીનની ફળદ્રુપતા વધારવા ઉનાળુ કઠોળ પાકોનું વાવેતર કરો

આપણાં ખેડૂતો પાકને જરૂરી નાઈટ્રોજન તત્વ પુરુ પાડવામાં રાસાયણિક ખાતરનો આડેધડ ઉપયોગ કરે છે અને તેના લીધે જમીન તથા પાણીના પ્રદૂષણના પ્રશ્નો, રાસાયણિક ખાતરના વધતાં જતા ભાવ, કાચા માલની તંગી, નબળી સંગ્રહ શક્તિ તથા ઉર્જાની વધતી જતી માંગ જેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તદઉપરાંત બગડતાં જતાં જમીનના ભૌતિક, રાસાયણિક અને જૈવિક ગુણધર્મને લીધે જમીન આરોગ્યનો પ્રશ્ન અને પોષક તત્વો પુરા પાડવા જમીનમાં ઉમેરવામાં આવતાં રાસાયણિક ખાતરો સામે પાક ઉત્પાદનમાં નબળો પ્રતિભાવ પડકારરૂપ છે. આવી પરિસ્થિતિમાં રાસાયણિક ખાતર આધારિત આધુનિક ખેતીને સંકલિત પોષણ વ્યવસ્થા, પાક અવશેષોનો ઉપયોગ, પાક ફેરબદલી અને આંતરપાક પદ્ધતિમાં કઠોળ પાકોનો ઉપયોગ જેવી પર્યાવરણને અનુકૂળ, સશક્ત અને ટકાઉ પદ્ધતિમાં ફેરવવાની તાતી જરૂરિયાત છે. દરેક છોડ માટે નાઈટ્રોજન એ આવશ્યક પોષક તત્વ છે. ન્યુક્લીઓટાઈડ, આરએનએ ડીએનએ, એમીનો એસિડ અને પ્રોટીનના બંધારણ માટે નાઈટ્રોજન જરૂરી છે. આપણા વાતાવરણમાં ૭૮ ટકા નાઈટ્રોજન રહેલ છે, પરંતુ તે છોડ માટે સીધે સીધો ઉપયોગી નથી. આ નાઇટ્રોજનનું છોડ લઈ શકે તેવા સ્વરૂપમાં રૂપાંતર કરવુ પડે છે. મોટા ભાગની જમીનોમાં નાઇટ્રોજનની ઓછી ઉપલબ્ધતાને કારણે પાક ઉત્પાદનનો પ્રશ્ન ઉભો થયો છે. વધતી જતી વસ્તી માટે પુરતું અનાજ ઉત્પન્ન કરવા જમીનની ઉત્પાદકતા પર્યાપ્ત સ્તરે જાળવવી પડશે. જેથી વાતાવરણમાંના નાઈટ્રોજનનું અસરકારક વ્યવસ્થાપન ચાવીરૂપ છે. આ માટે જૈવિક નાઈટ્રોજન સ્થિરીકરણ એ અર્થક્ષમ અને પર્યાવરણને સાનુકૂળ અસરકારક ઈલાજ છે. કઠોળ પાકો જૈવિક નાઈટ્રોજન સ્થિરીકરણની ક્ષમતા ધરાવે છે. વનસ્પતિશાસ્ત્રની દ્રષ્ટિએ કઠોળ પાકોનો સમાવેશ ફેબેસી અથવા લેગ્યુમીનોસી કુળમાં થાય છે. કઠોળ પાકોના ફળને સામાન્ય રીતે શિંગ તરીકે ઓળખવામાં આવે છે. આપણા દેશ અને રાજ્યમાં વવાતા કઠોળ પાકોમાં ચણા, મગ, અડદ, મઠ, તુવેર, ચોળા, વાલ, વટાણા, કળથી, રાજમા, મસુર, ગુવાર વગેરે પ્રચલીત છે. મગફળી અને સોયાબીન પણ લેગ્યુમીનોસી કુળમાં આવે છે. કઠોળના વાવેતર, ઉત્પાદન, વપરાશ અને આયાતમાં ભારત દેશ મોખરાનું સ્થાન ધરાવે છે. વૈશ્વિક સ્તરે ભારતનું યોગદાન કુલ વાવેતર વિસ્તારમાં ૩૩ ટકા અને કુલ ઉત્પાદનમાં ૨૭ થી ૨૮ ટકા છે. વર્ષ ૨૦૦૮- ૦૯ દરમિયાન ભારતમાં કઠોળનો વાવેતર વિસ્તાર ૨.૩૦ કરોડ હેક્ટર હતો અને ઉત્પાદન ૧.૪૨ કરોડ ટન હતું, જ્યારે વપરાશ ૧.૬૪ કરોડ ટન હતો, જેથી દર વર્ષે લગભગ ૨૦ લાખ ટન કઠોળની આયાત ચીન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા વગેરે દેશોમાંથી કરવી પડે છે. દેશમાં વાવેતર હેઠળના ફક્ત ૧૧ ટકા વિસ્તારમાં કઠોળ પાકોનું વાવેતર થાય છે. મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક અને આંધ્ર પ્રદેશ મુખ્ય કઠોળ ઉત્પાદક રાજ્યો છે. ગુજરાત રાજ્યમાં કઠોળ પાકોનું વાવેતર ૭,૮૪,૦૦૦ હેક્ટરમાં થાય છે અને ઉત્પાદન ૬,૦૯, ૩૦૦ ટન થાય છે. વાતાવરણના નાઇટ્રોજનને સ્થિર કરવાની કઠોળ પાકોની શક્તિ તેને બીજા છોડ કરતાં અલગ પાડવાની કદાચ ખુબ જ મહત્વની લાક્ષણિકતા છે. તે ઉપરાંત કઠોળ પાકો જમીનની ગુણવતા બાબતે વિશાળ માત્રામાં ફાયદા આપી શકે છે.

### (૧) નાઈટ્રોજન સ્થિરીકરણ

સૂક્ષ્મ જીવાણુઓ દ્વારા નાઈટ્રોજીનેઝ ઉત્સેચકની હાજરીમાં હવામાંના નાઈટ્રોજનને એમોનિયામાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયાને જૈવિક નાઈટ્રોજન સ્થિરીકરણ કહેવાય છે. વૈશ્વિક રીતે તેનો ફાળો ૧૮૦ લાખ મેટ્રીક ટન પ્રતિ વર્ષ છે, જયારે ઔદ્યોગિક નાઈટ્રોજનનું ઉત્પાદન ૯૦ લાખ ટન પ્રતિ વર્ષ છે. કઠોળ પાકનો છોડ અને બીજની પેશીઓ બીજા પાકોમાં પ્રોટીન ધરાવે છે. જે મૂળમાં રહેલ સહજીવી રાઈઝોબીયમ જીવાણુની મદદથી પોતાની મોટાભાગની નાઈટ્રોજનની જરૂરિયાત પુરી પાડવાની કઠોળ પાકોની શક્તિને આભારી છે. જે યોગ્ય પ્રકારના રાઈઝોબીયમ જીવાણુનો પટ આપવામાં આવે તો કઠોળ પાક પોતાની નાઈટ્રોજનની ૯૦ ટકા જરૂરિયાત સંતોષી શકે છે. કઠોળ પાકનું બીજ સ્કુરણ થયા પછી થોડા સમય બાદ જમીનમાં રહેલ રાઈઝોબીયમ જીવાણુ છોડના મૂળની રૂંવાટી વાટે પ્રવેશીને મૂળમાં આગળ વધે છે. જીવાણુની સંખ્યા વધતાં મૂળ ફૂલે છે અને આછા ગુલાબી રંગની મૂળ ગંડીકાઓ બને છે. છોડ દ્વારા પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન હતાં કાર્બોહાઈડ્રેટ પર નભી રહેલ આ જીવાણુઓ જમીનની હવામાં રહેલ નાઈટ્રોજન વાયુને જકડે છે. જીવાણુઓ છોડના કાર્બોહાઈડ્રેટમાંથી મળતાં હાઈડ્રોજન અને





હવામાંથી મળતાં નાઈટ્રોજનમાંથી એમોનિયા ઉત્પન્ન કરે છે. ત્યાર બાદ એમોનિયા છોડની વૃદ્ધિ માટે નાઈટ્રોજનનો સ્ત્રોત પુરો પાડે છે. જીવાણુ અને કઠોળ પાક વચ્ચેના આ સહજીવી સંબંધ છોડ તેમજ જીવાણુ બંને માટે વૃદ્ધિ પોષક છે અને ઉચ્ચ પ્રોટીનયુક્ત બીજ કે ચારો ઉત્પન્ન કરે છે. કઠોળ પાકોના દાણામાં ૨૫ ટકા પ્રોટીન હોય છે. સામાન્યપણે છોડમાં જેટલું પ્રોટીનનું પ્રમાણ વધુ તેટલો વધુ નાઈટ્રોજન જમીનમાં ઉમેરાય છે. જમીનમાં સેન્દ્રિય પદાર્થ બનાવવા માટે નાઇટ્રોજન એક મહત્વનું ઘટક છે. કઠોળ પાકના છોડના અવશેષો, મૂળ અને ગંડીકાઓનું વિઘટન થતા તેમાંથી નાઈટ્રોજન છૂટો પડે છે. જમીનમાંના સુક્ષ્મ જીવાણુંઓ નાઈટ્રોજનયુક્ત સેન્દ્રિય પદાર્થનું વિઘટન કરે છે. અને તેના મૃત્યુ બાદ જમીનમાં નાઈટ્રોજન છૂટો થાય છે. સામાન્ય રીતે કઠોળ પાક દ્વારા સ્થિર થયેલ નાઈટ્રોજનનો લગભગ બે તૃતીયાંશ ભાગ કઠોળ પાક પછીની આગામી ઋતુમાં ઉપલબ્ધ થાય છે. બહુવર્ષાયુ ઘાસ અને કઠોળ પાકની મિશ્ર પાક પદ્ધતિમાં કઠોળ પાક ફક્ત પોતાની નાઇટ્રોજનની જરૂરિયાત સંતોષતી નથી પરંતુ પોતાની બાજુમાં ઉગેલ ઘાસની લગભગ ૩૬ ટકા નાઇટ્રોજનની જરૂરિયાત પુરી પાડે છે. જો ચારાના પાક તરીકે કાપણી કરી લેવામાં આવે તો પ્રતિ ટન ચારાની કાપણી પ્રમાણે ૫ થી ૧૫ ટન નાઈટ્રોજન પ્રતિ હેક્ટર મુજબ જમીનમાં ઉમેરે છે.

### (૨) કઠોળ પાકોના જમીનની ગુણવત્તા અંગેના ફાયદાઓ :

કઠોળ પાકોના જમીનની ગુણવત્તા અંગેના ફાયદાઓમાં (૧) જમીનમાં સેન્દ્રિય પદાર્થ ઉમેરવો, (૨) જમીનની છિદ્રાળુતા સુધારવી, (૩) પોષક તત્વો પરત કરવા, (૪) જમીનનું બંધારણ સુધારવું, (૫) જમીનનો અમ્લતા આંક ઘટાડવો, (૬) જમીનમાં સુક્ષ્મ જીવાણુંઓની વૈવિધ્યતા, તથા (૭) રોગ, જીવાત અને નિંદણના વધતાં જતાં પ્રમાણમાં અવરોધ ઉભો કરવો વગેરેનો સમાવેશ થાય છે.

### (૩) જમીનનો સેન્દ્રિય પદાર્થ :

આગળ જણાવ્યા પ્રમાણે કઠોળ પાકોમાં પ્રોટીનનું પ્રમાણ વધારે હોવાથી નાઈટ્રોજનમાં સમૃદ્ધ છે. મોટા ભાગના અન્ય પાકોના અવશેષોમાં નાઈટ્રોજન કરતાં કાર્બનનું પ્રમાણ વધારે હોવાથી તેનુ વિઘટન ઝડપથી થતું નથી. જમીનમાં રહેલાં જીવાણુઓને નાઈટ્રોજન અને કાર્બન બંનેની જરૂરિયાત હોવાથી કઠોળ પાકોમાંથી મળતાં નાઈટ્રોજનને કારણે પાકોના અવશેષોમાંનું વિઘટન વધારે છે અને જમીનમાં સેન્દ્રિય પદાર્થમાં રૂપાંતરીત કરે છે.

### (૪) જમીનની છિદ્રાળુતા :

ઘણા કઠોળ પાકો સોટી મૂળ ધરાવતા હોવાથી તેના મૂળ જમીનમાં ૬ થી ૮ ફૂટ ઉંડે જાય છે તેથી અડધા ઈંચ જેટલી જાડાઈના હોવાથી જમીનમાં ઉંડે સુધી રસ્તાઓ ખોલે છે. નાઈટ્રોજનમાં સમૃદ્ધ કઠોળ - પાકોના અવશેષો અળસિયાને ઉત્તેજન આપે છે જેથી અળસિયા જમીનમાં દર બનાવે છે. આમ, મૂળના રસ્તાઓ અને અળસિયાના દર જમીનની છિદ્રાળુતા વધારે છે તેમજ ઉંડે સુધી હવા અને અને પાણીની અવરજવર વધારે છે.

### (૫) પોષક તત્વો પરત કરવા :

મોટા ભાગના વર્ષાયુ અને બહુ વર્ષાયુ કઠોળ પાકોના મૂળ જમીનમાં ઊંડે સુધી જતાં હોવાથી જમીનમાં ઉંડે સુધી પોષક તત્વોની આપ-લે કરવામાં કઠોળ પાકો સક્ષમ છે. જેના લીધે આપવામાં આવતા રાસાયણિક ખાતરોની કાર્યક્ષમતા વધે છે તેમજ છીછરા મૂળવાળા પાકોમાં મૂળ પ્રદેશથી નીચે નીતરી જતાં પોષક તત્વો ખાસ કરીને નાઈટ્રેટ નાઈટ્રોજનના વ્યયને અટકાવે છે.

### (૬) જમીનનું બંધારણ સુધારવું :



દેશ અને વિદેશમાં થયેલ સંશોધનો દર્શાવે છે કે કઠોળ પાકો લીધા પછી જમીનના ભૌતિક ગુણધર્મોમાં સુધારો થાય છે. આ સુધારો જમીનના સ્થાયીકરણને કારણે થાય છે. કઠોળ તથા અન્ય પાકોના મૂળમાંથી મળતો પ્રોટીન, ગ્લોમાલીન તથા અન્ય પદાર્થોને જમીનના કણોને એકબીજા સાથે જોડીને સ્થિર કણો બનાવે છે. આ સ્થિર કણો જમીનની છિદ્રાળુતા વધારે છે, જમીન પોચી અને ભરભરી બનાવે છે તેમજ જમીનની ધોવાણશકિત અને તિરાડો પડવાની ક્ષમતા ઘટાડે છે.

### (૭) જમીનનો અમ્લતા આંક ઘટાડવો :

મૂળ ગંડીકાયુક્ત કઠોળ પાકો પોતાની જરૂરિયાતનો નાઈટ્રોજન જમીનમાંથી નાઈટ્રેટ લેવાના બદલે હવામાંથી દ્વિઅણુ નાઇટ્રોજન તરીકે મેળવે છે, જેની શેષ અસરને લીધે જમીનનો અમ્લતા આંક ઘટે છે. પાકના વૃદ્ધિ અને વિકાસને યોગ્યતમથી વધારે અમ્લતા આંક ધરાવતી જમીનોમાં કઠોળ પાકોને લીધે અમ્લતા આંક ઘટવાના અને જમીનના સૂક્ષ્મ જીવાણુઓની કાર્યશીલતા વધવાના સંશોધન પરીણામો મળેલા છે.

### (૮) જૈવિક વૈવિધ્યતા :

જમીનના જીવો અને સુક્ષ્મ જીવાણુઓનું વૈવિધ્ય વધારવામાં કઠોળ પાકોના યોગદાનને પરીણામે જમીનમાં કુલ જીવનમાં વધુ સ્થિરતા આવે છે. વધારાનો નાઇટ્રોજન પુરો પાડી કઠોળ પાકો જમીનમાં કુલ જૈવિક જથ્થાનું વધુ ઉત્પાદન કરવામાં મદદરૂપ થાય છે. જમીનના સુક્ષ્મ જીવાણુઓ આ વધેલ નાઈટ્રોજનનો ઉપયોગ કાર્બનમાં સમૃદ્ધ હોય તેવા મકાઈ અને ઘઉં જેવા પાકના અવશેષોનું વિઘટન કરવામાં કરે છે.

### (૯) રોગ, જીવાત અને નિંદામણ ચક્ર તોડવા :

પાક ફેરબદલીમાં કઠોળ પાકો ઉત્તમ તૂટ પુરી પાડે છે, જે રોગ, જીવાત અને ઘાસ વર્ગના નીંદણોના વધતાં જતા પ્રમાણને ઘટાડે છે. જેથી રસાયણોનો ઓછો ઉપયોગ કરવો પડે છે. રોગ, જીવાત અને નીંદણના દબાણને ઓછું કરવા માટે ઘાસ વર્ગ, પહોળા પાનવાળા, ઠંડી ઋતુ અને ગરમ ઋતુ જેવા સરખા પ્રકારના પાકો વચ્ચે ત્રણ વર્ષ એક તૂટ સામાન્ય રીતે પુરતી છે.

### (૧૦) અન્ય ફાયદાઓ :

કઠોળ પાકો ઝડપથી જમીન પર ફેલાઈ જતાં હોવાથી જમીનનું ધોવાણ અટકાવે છે. જમીનને ઢાંકી દેતાં હોવાથી બાષ્પીભવનથી થતો પાણીનો વ્યય અટકાવે છે તથા નીંદણને કાબૂમાં રાખી જમીનમાંથી નીંદણ દ્વારા થતો પોષક તત્વોનો ઉપાડ અટકાવે છે.

# કૃષિમાં પાકની ઉચ્ચ ગુણવત્તા, ખેડૂતોની આવકમાં વધારા માટે કાર્બન ફાર્મિંગ-ક્રેડિટનું મહત્વ








ડો. આર. કે. કાલરીયા અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ, નવસારી કૃષિ યુર્નિવર્સિટી, સુરત

સમય સાથે ખેતી પણ ઝડપથી બદલાઈ રહી છે. પહેલા ખેતીમાં ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ વધ્યો તો હવે લોકો આ બધુ છોડીને ઓર્ગેનિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે. આ ક્રમમાં જ કાર્બન ફાર્મિંગનો ઉપયોગ વધી રહ્યો છે. કાર્બન ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ ઘટાડે છે. આ ઉપરાંત જમીનની ફળદ્રુપતા અને જૈવવિવિધતામાં પણ વધારો કરે છે. આજના સમયમાં, વિશ્વભરના દેશો પર્યાવરણને બચાવવા આબોહવા પરિવર્તન (ક્લાયમેટ ચેન્જ) પર મનોમંથન કરી રહ્યા છે જેમાં કાર્બનનું પ્રમાણ, ગ્રીન હાઉસ ગેસિસ ઘટાડવો એ મુખ્ય વિષય છે. કાર્બન ક્રેડિટ માટે દેશના વિભિન્ન ઉદ્યોગો અને સામાન્ય માણસોમાં જાગૃતિ નથી જો કે કેટલાક સંપન્ન દેશોમાં આ દિશામાં ઝડપથી કામ થઈ રહ્યું છે. આપણા દેશમાં ખેડૂતો માટે અનેક પ્રકારની લાભકારી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. ગુજરાતના ખેડૂતો માટે વન વિભાગે એક પહેલ ચાલુ કરેલ છે. આ યોજનાઓ દ્વારા ખેડૂતોને વિવિધ લાભો અને તેના ઉત્થાન માટેના પ્રયાસો કરવામાં આવે છે.

### ● કાર્બન ક્રેડિટ એટલે શું ?

યુએનની સંસ્થા દ્વારા ક્યોટો પ્રોટોકોલ હેઠળ કાર્બન ક્રેડિટ આપવામાં આવે છે. જેમાં ૧૭૦ દેશો સામેલ છે. જે પ્રોટોકોલ મુજબ તમારી કોઈપણ ઉત્પાદનની પ્રક્રિયામાં કેટલું પ્રદૂષણ ઘટાડો છો, તેના આધારે વર્ષે મોનિટરિંગ અને ચકાસણી બાદ તે વર્ષનું કાર્બન ક્રેડિટ્સ આપવામાં આવે છે. જો કાર્બન ક્રેડિટ્સ વધી જાય તો તે સંસ્થાએ એક્સ્ટ્રા કાર્બન ક્રેડિટ્સ કોઈ પાસેથી ખરીદીને બતાવવા પડે છે.

જી-૭માં સમાવિષ્ટ દેશોમાં ખેડૂતોને કાર્બન ક્રેડિટ આપવામાં આવે છે. જેમ ઉદ્યોગોને કાર્બન ક્રેડિટ અપાય છે, તેમ ખેડૂતોને પણ કાર્બન ક્રેડિટ આપવામાં આપ્યું છે. આ નિર્ણય ખેડૂતો માટે પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ગુજરાતના ખેડૂતો માટે વન વિભાગ દ્વારા એક પહેલ ચાલુ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ખેડૂતો માટે કાર્બન ક્રેડિટ યોજના જારી કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ખેડૂતો તેમના ખેતરના શેઢા પાળામાં વાવેલા વૃક્ષોનું જરૂરી મૂલ્યાંકન કરી વધારાની આવક મેળવી શકશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોએ પોતાના ખેતરમાં દર વર્ષે (ઉદાહરણ માટે) મોટા વૃક્ષોનું વાવેતર અને માવજત કર્યા પછી (જીવિત વૃક્ષોના આધારે) તેમને ચોક્કસ પદ્ધતિના આધારે(નક્કી કરેલ સંસ્થા થકી) કાર્બન ક્રેડિટના બદલામાં ખેડૂતો વૃક્ષારોપણ કરીને વધારાની આવક કરી શકશે. રાજ્યના વન વિભાગે ખેડૂતોને કાર્બન ક્રેડિટ યોજનાનો લાભ મળી શકે તે માટે એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જ્યાં ખેડૂતો પોતાના ખેતરમાં વાવેલા વૃક્ષોથી (બામ્બૂ, મેન્ગ્રોવ, મિલિયા દુખીયા લીમડો (મલબારી લીમડો ), સુબાવળ, વાંસ, ખેર, અરડુસો, સાગ, મહાગુની, ચંદન, નીલગીરી વગેરે જેવા વૃક્ષો) વધારાની આવક મેળવી શકશે.

### ● કમાણી કેવી રીતે થાય ?

કાર્બન ક્રેડિટનો ધંધો દુનિયામાં એક્સચેન્જમાં થાય છે. જેમાં ક્રેડિટના બદલામાં રોકડ રકમમાં વળતર મળે છે. ઉદાહરણ માટે એક સિમેન્ટ કંપની એવું નક્કી કરે કે કંપની એક વર્ષમાં ૨૦ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડ ઉસર્જીત કરીશું અને વર્ષના અંતમાં ૨ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડ વધારે ઉસર્જીત થાય ત્યારે એવા સંજોગોમાં જે તે કંપનીએ કાર્બન ક્રેડિટ મેળવવી ફરજિયાત રહે છે. આ કાર્બન ક્રેડિટ જે કંપનીએ માન્ય માત્રાથી ઓછી માત્રામાં કાર્બન છોડ્યો હોય તેની પાસેથી અથવા તો કોઈ પણ મોટો ખેડૂત અને નાના ખેડૂત (ક્લસ્ટરના રૂપમાં) પાસેથી સિમેન્ટ કંપની ક્રેડિટ મેળવીને કાર્બન ડાયોક્સાઈડ પર્યાવરણમાં છોડી શકે અને આના બદલામાં તે નાની કંપની અથવા ખેડૂત નાણાં મેળવી શકે છે. ઉદાહરણ માટે કાર્બન ક્રેડિટ એક્સચેન્જના રૂપમાં થાય છે જેમ કે પાંચ કાર્બન ક્રેડિટ વેચવા જાવ તો તેના બદલામાં અંતરરાષ્ટ્રીય ભાવ મુજબ એક ક્રેડિટની કિંમત ૧૦ ડોલર હોય તો આશરે ૫૦ ડોલર મળી જાય એટલે કે ૨૫૦૦ રૂપિયા મળી જાય.

ઉદાહરણ તરીકે આવનાર સમયમાં જે કોઈ ખેડૂત આ કાર્બન ક્રેડિટ પ્રોજેક્ટ(સંસ્થા દ્વારા નક્કી કરેલ સંખ્યા અને વૃક્ષ) માં જોડાશે તો તે વધારાની આવક મેળવી શકશે. નાના ખેડૂતો ક્લસ્ટરમાં આ પ્રોજેક્ટમાં જોડાઈ શકશે જયારે મોટા ખેડૂતને ક્લસ્ટરની જરૂરત નથી એ ડાયરેક્ટ જોડાઈ શકશે અને લાભ લઈ શકશે. ખેડૂતો વૃક્ષોના રોપા ખરીદતી વખતે વળતર કિંમતમાં મેળવી શકે(સંસ્થા દ્વારા નક્કી કરેલ નર્સરી) અને તેના વાવેતરનું દર વર્ષ પૂરું (નકી કરેલ સમય મુજબ ) થતા જીવંત રોપા મુજબ વળતર કિંમત મેળવી શકશે. ભવિષ્યમાં, ખેડૂત જમા કરેલ કાર્બન ક્રેડિટ સરકાર દ્વારા નક્કી કરેલ નિયમો મુજબ ઉદ્યોગોને વેચીને બદલામાં નાણાં મેળવી વધારાની આવક મેળવી શકશે.

### ● કાર્બન ફાર્મિંગ ( કાર્બન સેક્યુએન્સ્ટ્રશન): ટકાઉ ખેતી માટેનો માર્ગ

કાર્બન ફાર્મિંગની એવી પદ્ધતિ સ્વીકારો જેમાં હવામાં રહેલ કાર્બનને જમીનમાં જમા કરવાની ક્ષમતા હોય. જેના માટે નીચે મુજબની પદ્ધતિઓનો સમાવેશ કરી શકાય છે :

૧ ) વનીકરણ અને પુનઃ વનીકરણ: નવા જંગલો બનાવવા અથવા હાલના જંગલોને પુનઃ સ્થાપિત કરવા માટે ક્ષીણ થઈ ગયેલી અથવા જંગલની જમીન પર વૃક્ષ વાવવા.

૨) સંરક્ષણ ખેડાણ: જમીનમાંથી કાર્બન હવામાં ઉડી ના જાય તે માટે જમીનને બિનજરૂરી વારંવાર ખેડવી નહિ અને ખેતી દરમિયાન જમીનને ખલેલ ઓછી કરવી એટલે કે કૃષિ યંત્રીકરણનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવાથી કાર્બન ઉત્સર્જન ઓછું થાય છે.

૩) ખેતીમાં વપરાતા મશીનોની કાર્યક્ષમતા વધારવી જેમ કે ટ્રેક્ટર, થ્રેશર, ઓટોમેટિક ઓરણી વગેરે એક સમયમાં વધુ કાર્યક્ષમતા આપે છે.

૪) કવર પાક: જમીનનું રક્ષણ કરવા અને ઓર્ગનિક કાર્બન પદાર્થનું પ્રમાણ વધારવા માટે પડતર સમયગાળા દરમિયાન આચ્છાદન પાકનું વાવેતર કરો.

૫) રોટેશનલ ચરાણ: ચરાણની જમીનમાં ઓર્ગનિક કાર્બનને ઉમેરવા અને માટીની ફળદ્રુપતા માટે ચરાણ પ્રથાઓનું સંચાલન કરવું.

૬) કૃષિ વનીકરણ: જમીનમાં કાર્બન અને સૂક્ષ્મજીવો વધારવા માટે કૃષિ પાકો અને પશુ પ્રણાલી સાથે વૃક્ષ વાવેતરનું સંકલન કરવું.

૭) ખાતર અને બાયોચાર ઉમેરવા: કાર્બનનો સંગ્રહ વધારવા અને જમીનની ફળદ્રુપતા વધારવા માટે માટીમાં કાર્બોનિક સુધારક ઉમેરવા જેમકે સેન્દ્રીય ખાતરોનો ઉપયોગ (છાણીયું ખાતર, દિવેલા અને લીમડાનો ખોળ, વર્મી કંપોસ્ટ વગેરે)

### ● કાર્બન ફાર્મિંગના મુખ્ય ફાયદા:

આબોહવા પરિવર્તન નિયંત્રણ: કાર્બન ફાર્મિંગ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડને ઓછો કરીને આબોહવા પરિવર્તન ઘટાડવામાં મદદરૂપ થાય છે જેનાથી ગ્રીન હાઉસ ગેસનો પર્યાવરણમાં ઘટાડો થાય છે.

# ઉનાળુ મગફળીમાં સંકલિત રોગ નિયંત્રણ

એચ.એ.શેખડા, ડો. સી.એમ.ભાલીયા, ડો. ડી.એસ.કેલૈયા અને ડો. જે.આર. તળાવિયા વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ







### » થડનો કોહવારો અને ડોડવાનો સડો

● **રોગ પ્રેરક:** સ્કેલેરોસીયમ રોલ્ફસાઈ નામની ફુગથી થતો આ જમીનજન્ય રોગ છે. ખેડૂતો આ રોગને સફેદ ફૂગના રોગના નામે ઓળખે છે. આ રોગ મગફળી વાવતા બધા જ વિસ્તારોમાં જોવા મળે છે. ભારતમાં ખાસ કરીને આ રોગ ગુજરાત, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં વધુ જોવા મળે છે.

થડ, મૂળ અને ડોડવામાં થતા નુકસાનને લીધે છોડની સંખ્યામાં ધરખમ ઘટાડો થાય છે અને ૨૭ ટકા સુધીના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળેલ છે. સૌરાષ્ટ્રમાં ૧૦ થી ૫૦ ટકા કરતા વધુ નુકસાન ખેડૂતોના ખેતર પર આ રોગને લીધે જોવા મળેલ છે.

● **લક્ષણો:** આ રોગમાં જમીન લગોલગ થડ ઉપર આછા ભૂખરા રંગના ધાબા દેખાય છે. જમીનની અંદર રહેલા થડ ઉપર પણ આવા ચિન્હો દેખાય છે. શરૂઆતમાં આવા રોગીષ્ટ છોડ પર જમીન લગોલગ થડ ઉપર સફેદ ફૂગના તાંતણા જોવા મળે છે અને તેમાં ઝીણી ગોળાકાર સફેદ રંગની પેશીઓ બને છે.

આ સફેદ ફૂગ મગફળીના ડોડવાને પણ લાગે છે અને આના કારણે ડોડવાથી છોડ ઘેરાઈ જાય છે અને છોડ સુકાઈ જાય છે. ખેતરમાં દુરથી અસરગ્રસ્ત છોડ સુકાતા જોવા મળે છે અને મોટાભાગે મગફળી પાકવાની અવસ્થાએ આ રોગ ઉગ્ર હોય છે.

### » નિયંત્રણ:

- ઉનાળે ચવડાથી ઊંડી ખેડ કરી આગલા પાકના રોગના અવશેષો અને ફૂગને ઓછામાં ઓછી ૧૦ સે.મી. થી વધારે ઊંડાઈએ દાટી દેવી જોઈએ. ત્યારબાદ ભારે સમાર મારી જમીન ઘડે લાવવી.
- શકય હોય તો વહેલું વાવેતર કરવું.
- શક્ય હોય તો જુવાર, મકાઈ, ડુંગળી જેવા પાક સાથે પાકની ફેરબદલી કરવી. ચાસ દર વર્ષે એકનો એક ન રાખતા બદલવા.
- બિયારણનો દર ભલામણ મુજબનો જ વાપરવો.
- ઈજા પામેલ તેમજ ફોતરી ઉખડી ગયેલ બીજ વાવેતરના ઉપયોગમાં ન લેવા.
- બીજને વાવતા પહેલા ૧ કિ.ગ્રા. બીજ દીઠ ૩ થી ૪ ગ્રામ થાયરમ કે કાર્બેન્ડાઝીમ દવાના ૧ કિ.ગ્રા.
- બીજ દીઠ ૨ ગ્રામ દવાનો પટ આપીને વાવેતર કરવું.
- સંપૂર્ણ સડી ગયેલા સેન્દ્રિય ખાતરો વાપરવા.
- ટ્રાયકોડર્મા ફૂગ આધારિત પાવડર ૨.૫ કિ.ગ્રા.૩૦૦-૫૦૦ કિ.ગ્રા. એરંડીના ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી મગફળી વાવતી વખતે ચાસમાં આપવો.
- ઉભા પાકમાં રોગીષ્ટ છોડ દેખાય કે તરત જ ઉપાડી ત્યાં પગથી જમીન દબાવી દેવી.
- મગફળીના વાવેતર બાદ સમાર મારવો અને અસરગ્રસ્ત વિસ્તારમાં પાળા ચડાવવા નહિ. વધારે પડતી આંતરખેડ ન કરવી. મગફળીના ટપકાંના રોગથી પાન ખરી પડે તો સફેદ ફૂગને ખોરાક મળે છે અને આ રોગ વધે છે, માટે મગફળીના ટપકાંના રોગના નિયંત્રણ માટે જરૂરી દવા છંટાવવી.
- જો ટ્રાયકોડર્મા કલ્ચર વાવણી સમયે ચાસમાં આપી શકાયેલ ન હોય તો વાવણી બાદ ૩૦ દિવસે ૧ પંપમાં ૫૦ ગ્રામ પ્રમાણે (પંપમાં નોઝલ કાઢી) છોડના મુળની આસપાસ રેડી શકાય.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧ ૨ ફેબ્રુઆરીથી બે દિવસના અમેરિકાના પ્રવાસે જશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ ફેબ્રુઆરીથી બે દિવસના અમેરિકાના પ્રવાસે જશે. યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમના પ્રમુખ અને સીઈઓ મુકેશ અઘીએ તેમની મુલાકાતને ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવી છે. આ સાથે તેમણે કહ્યું કે અમેરિકાએ ભારતીય ઈમિગ્રન્ટ્સને હાથકડી પહેરાવીને મોકલ્યા કારણ કે તે કાયદો છે. તેમણે સંમતિ આપી કે કોઈને તેના દેશમાં પાછા મોકલતી વખતે હાથકડીનો ઉપયોગ ન કરવો જોઈએ. મુકેશ અઘીએ કહ્યું, ''આ એક ખૂબ જ મહત્વપૂર્ણ મુલાકાત છે.'' મૂળભૂત રીતે, આ મુલાકાત એ સુનિશ્ચિત કરવા માટે છે કે ભૌગોલિક રાજકીય ખેંચતાણ ચાલુ રહે તો પણ વેપાર પર બંને દેશો વચ્ચે સમજણ મહત્વપૂર્ણ બનવાની છે. આર્થિક કાર્યસૂચિ અને ટેકનોલોજી ટ્રાન્સફર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને દેખીતી રીતે ગેરકાયદેસર સ્થળાંતરના મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. મને લાગે છે કે વડાપ્રધાન રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળે તે મહત્વપૂર્ણ છે, ઓછામાં ઓછું તેઓ બંને અર્થતંત્રોના વિકાસને ઉચ્ચ સ્તરે લઈ જવા જેવા સમાન ઉદ્દેશ્યોમાં જોડાયેલા છે. તે અપેક્ષાઓ નક્કી કરવા વિશે પણ છે કે તમે આ સંબંધને ક્યાં લઈ જવા માંગો છો. શું તેઓ વેપારની ચર્ચા કરશે, અલબત્ત તેઓ વેપારની ચર્ચા કરશે. શું તેઓ કોઈ પ્રકારની વેપાર ભાગીદારી પર આગળ વધવા માટે સંમત થશે? ચોક્કસ.''અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીય નાગરિકોને હાથકડી પહેરાવીને ભારત પાછા મોકલવાના મુદ્દા પર વાત કરી શકે છે. આશા છે કે પ્રક્રિયા પ્રત્યે થોડી સહાનુભૂતિ હશે.''

# દિલ્હી વિધાનસભા ચૂંટણી જંગમાં ભાજપની જીત પાછળ આરએસએસની મહત્વની ભૂમિકા

નવીદિલ્હી,તા.૯



દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ શાનદાર પ્રદર્શન કર્યું છે. લોકસભા ચૂંટણી પછી, વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો દેખાવ જબરદસ્ત રહ્યો છે. હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની જીતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભૂમિકા વિશે ઘણી ચર્ચા થઈ હતી. તેવી જ રીતે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની મોટી જીતમાં આરએસએસનું યોગદાન મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. સંઘના સૂત્રોએ જણાવ્યું હતું કે આ ચૂંટણીઓ દરમિયાન, આરએસએસએ દિલ્હીની પ્રગતિ માટે 'અસરકારક અને જવાબદાર સરકાર પસંદ કરવા માટે મતદારોને જાગૃત કરવા માટે તમામ પ્રયાસો કર્યા, જેના કારણે ભાજપને ચૂંટણીમાં શાનદાર જીત પ્રાપ્ત કરવામાં મદદ મળી. રાજકીય પક્ષો દ્વારા જોરશોરથી ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો હતો, ત્યારે આરએસએસના સ્વયંસેવકોએ શાંતિથી 'મતદાર જાગૃતિ' અભિયાન ચલાવ્યું, જેના હેઠળ દિલ્હીમાં 'હજારો સભાઓ' યોજાઈ હતી.

# ધોરાજીના મોટીમારડ ગામે તળાવમાંથી યુવકની રહસ્યમય હાલતમાં લાશ મળી

ધોરાજી, તા.૦૯

ધોરાજી તાલુકાના મોટીમારડ ગામ નજીક માડીયા માર્ગ પાસે આવેલા તળાવમાંથી એક યુવકની લાશ મળી આવતા ચકચાર મચી ગઈ છે. પાટણવાવ પોલીસ સ્ટેશનની હદમાં આવતા આ વિસ્તારમાંથી મળેલી લાશની ઓળખ મોટીમારડ ગામના ૪૦ વર્ષીય પ્રવીણ સામત ડેર તરીકે થઈ છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યા મુજબ, મૃતક યુવકના પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા જોવા મળ્યા છે, જેના આધારે પોલીસે હત્યાની આશંકા વ્યક્ત કરી છે. પરિવારજનોના જણાવ્યા અનુસાર, પ્રવીણભાઈ ગત રાત્રે ઘરેથી બહાર જવાનું કહીને નીકળ્યા હતા અને આજે સવારે તેમની લાશ તળાવમાંથી મળી આવી હતી. પાટણવાવ પોલીસે હત્યા પાછળના કારણો અને આરોપીઓની શોધખોળ માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ઈંગ્લેન્ડ સામેની બીજી વન-ડેમાં ભારતે ચાર વિકેટે વિજય મેળવી શ્રેણી જીતી

**ભારતીય કપ્તાન રોહિત શર્માએ શાનદાર ૧૧૯ રન ફટકાર્યા**

કટક, તા.૦૯



કટકના બારાબાતી સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલ બીજી વન-ડેમાં ભારતનો ચાર વિકેટે વિજય થયો છે. સાથે જ ભારતે ત્રણ મેચની સિરીઝમાં બે મેચ જીતી લીધી છે. ઈંગ્લેન્ડે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ટીમ ૪૯.૫ ઓવરમાં ૩૦૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતને જીત માટે ૩૦૫ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી બેન ડ્યુકેટે ૬૫ અને જો રૂટે ૬૯ રન બનાવ્યાં હતા. ભારત તરફથી જાડેજાએ ૩૫ રન આપી ૩ વિકેટ ઝડપી હતી. ઈંગ્લેન્ડના ત્રણ બેટ્સમેનો રનઆઉટ થયા હતા. ૩૦૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ભારતીય ઓપનરોએ ૧૩૬ રનની ભાગીદારી નોંધાવી હતી. લાંબા સમય બાદ ફોર્મમાં પરત ફરેલા કેપ્ટન રોહિત શર્માએ શાનદાર ૧૧૯ રન ફટકાર્યા હતા. શુભમન ગીલ ૬૦ રન બનાવી આઉટ થયો હતો. જયારે શ્રેયસ અય્યરે ૪૪ અને અક્ષર પટેલે ૪૧ રન બનાવ્યા હતા.

# પાટણનાં વડાવલી ખાતે ૪ બાળક સહિત પાંચનાં ડૂબી જવાથી મોત

પાટણ, તા.૦૯

ચાણસ્મા તાલુકાના વડાવલી ગામમાં થયેલા એક દુઃખદ અકસ્માતે સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો છે. તળાવમાં ડૂબી જવાથી લઘુમતી સમુદાયના પાંચ લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં એક જ પરિવારના ૨ બાળકો અને તેમની માતાનું પણ મોત નિપજ્યું હતું. આ એક સાથે પાંચ લોકોના ડૂબવાની ઘટનાથી ગામમાં શોકનો માહોલ છવાયો છે. આ ઘટના ત્યારે બની જ્યારે એક વ્યક્તિ લપસી ગયો અને તેને બચાવવાનો પ્રયાસ કરતી વખતે અન્ય ચાર લોકો પણ તળાવમાં ડૂબી ગયા. ગામલોકોએ તમામને તાત્કાલિક બહાર કાઢ્યા હતા અને સારવાર માટે ચાણસ્મા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા.

સાંજે સાડા પાંચ વાગ્યા આસપાસ મુસ્લિમ સમાજના બાળકો વડાવલી ગામ તળાવ પાસે બકરા ચરાવતા હતા, ત્યારે એક બાળક ડૂબતાં બીજા બાળકને બચાવવા જતા તમામ પાંચ લોકોના મોત નિપજ્યા હતા.

# ઊનાની વિજય પબ્લિક સ્કૂલનો તીરંદાજીમાં દબદબો : અન્ડર-૧૪ અને ૧૭ વિભાગમાં મેળવ્યા ગોલ્ડ મેડલ

ઉના,તા.૦૯



ગીર સોમનાથ જિલ્લાના ઊના શહેરની વિજય પબ્લિક સ્કૂલે ખેલ મહાકુંભમાં તીરંદાજી (આર્ચરી) ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સતત ત્રીજા વર્ષે જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવ્યો છે. પ્રાચી ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ કોચ કનુભાઈ રાઠવાના માર્ગદર્શન હેઠળ અન્ડર-૧૪ વિભાગમાં વિરાટ સંજયભાઈ સોલંકીએ પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે ધારા ભગવાનદાસ ઠક્કરે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ જ વિભાગમાં વિધી મનીષભાઈ જોબનપુત્રા અને ધ્યાના અતુલભાઈ વાઘેલાએ અનુક્રમે દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અન્ડર-૧૭ વિભાગમાં પક્ષિત મહેશભાઈ પરમાર અને વિશાલ વિજયભાઈ સોલંકીએ પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું.

# દિલ્હી ચૂંટણીમાં ૯૬માંથી ફક્ત ૫ મહિલાઓ જીતવામાં સફળ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૯

દિલ્હીની ચૂંટણી આશ્ચર્યજનક પરિણામો સાથે સમાપ્ત થઈ. ભારતીય જનતા પાર્ટીએ ૨૭ વર્ષના દુષ્કાળનો અંત લાવીને સત્તા કબજે કરી છે. ૨૦૨૫ની ચૂંટણીમાં, દિલ્હીમાં રેકોર્ડ સંખ્યામાં મહિલા ઉમેદવારોએ પોતાનું નસીબ અજમાવ્યું, પરંતુ જીતની દ્રષ્ટિએ તેમનું નસીબ ખૂબ જ ખાસ હતું. ચૂંટણીમાં, મુખ્યમંત્રી આતિશી પોતે કાલકાજી બેઠક પરથી સતત ઉતાર-ચઢાવનો સામનો કરી રહી હતી, પરંતુ અંતે તેમનો વિજય થયો. કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીમાં અત્યાર સુધીમાં ત્રણ મહિલા મુખ્યમંત્રીઓ રહી છે, પરંતુ જ્યાં સુધી મહિલા પ્રતિનિધિત્વની વાત છે, ત્યાં સુધી વાસ્તવિકતા વિપરીત છે. દિલ્હી ચૂંટણીમાં, ૭૦ વિધાનસભા બેઠકો પર ૬૯૯ ઉમેદવારોએ પોતાનું નસીબ અજમાવ્યું, જેમાં ફક્ત ૧૪ ટકા મહિલાઓ હતી. દિલ્હીમાં ૯૬ મહિલાઓએ ઉમેદવારી નોંધાવી હતી. પરંતુ સીએમ આતિશી સહિત માત્ર ૫ મહિલાઓ જ જીતી શકી.

# કોડીનારના ગીરદેવળી ગામે રસ્તાની બંને બાજુ સાઈડ પુરાણ બાકી હોવાથી રાહદારીઓ પરેશાન

કોડીનાર, તા.૦૯




કોડીનાર તાલુકાના ગીરદેવળી ગામથી સુગાળા, ઘાટવડને જોડતો ત્રણ કિલોમીટર સુધીનો રસ્તો નવો બનાવવામાં આવ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક દિવસથી આ રસ્તાની બંને સાઈડો હજુ બુરવાની બાકી છે અને શેરડીના રાબડાની સિઝન હોવાથી આ રસ્તા ઉપર ખૂબ જ ટ્રાફિક પણ હોય છે. જો આ રસ્તા પર સામસામે બે વાહનો આવી જાય તો વાહનને ક્યાં ઉતારવું તે મુશ્કેલ રહે છે જેથી અકસ્માત થવાનો પૂરો ભય રહે છે. આથી વહેલી તકે આ રસ્તાની સાઈડો બુરવાની માગણી લોકો કરી રહ્યા છે.

# ગીર સોમનાથ એલસીબીએ ૧૪ વર્ષથી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડયો

ગીર સોમનાથ,તા.૦૯



ગીર સોમનાથ પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચે ૧૪ વર્ષથી ફરાર આરોપી મહેન્દ્રભાઈ ઉર્ફે મહેશભાઈ ભુંગાણી (૬૧)ને સુરતના ઓલપાડ વિસ્તારમાંથી ટ્રક ડ્રાઈવરનો વેશ ધારણ કરી ઝડપી પાડ્યો હતો. આરોપીએ સુત્રાપાડામાં ટ્રાન્સપોર્ટ કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા સમયે ગુજરાત હેવી કેમિકલ્સ કંપનીનો સોડાએશનો જથ્થો બારોબાર વેચી મારી છેતરપિંડી કરી હતી. જૂનાગઢ રેન્જ આઈજીપી નિલેશ જાજડીયા અને એસપી મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમે ટ્રક ડ્રાઈવરને પકડ્યો હતો.

# ગીર ગઢડાના બેડીયા ગામે રબારી સમાજના દીકરાને દુધરેજ વડવાળા ધામમાં અર્પણ કરવામાં આવ્યો

ઉના, તા.૦૯




સમાજમાં રૂપિયા-જમીનનું દાન દેતા ઘણા લોકોને જોયા હશે પણ દિકરાનું દાન આપતા ખૂબ ઓછા જોયા હશે. આજે ગીર ગઢડા તાલુકાના બેડીયા ગામના રબારી સમાજના બાબુભાઈ લુણીએ તેમના દીકરાનું દાન કર્યું હતું. બેડીયા ગામે મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી કણીરામબાપુ દુધરેજ વડવાળા ધામના મહંત શ્રીને બેડીયા ગામના રબારી સમાજના બાબુભાઈ લુણીના દીકરાને અર્પણ કરવામાં આવ્યો હતો. બાળક નાનું હતું ત્યારથી જ તેને મહામંડલેશ્વર શ્રી કણીરામબાપુ દુધરેજ વડવાળાને અર્પણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું કે જો અમારા ઘરે દીકરો જન્મ લેશે તો તેને દુધરેજ વડવાળા ધામમાં અર્પણ કરીશું. આજે અઢી વર્ષ બાદ ધામધૂમથી બાળ સંત દેવેન્દ્ર દાસને અર્પણ કરવામાં આવ્યો હતો.

# સુત્રાપાડાના આલિદ્રા ગામે યુવતીનું કૂવામાં પડી જવાથી મોત

કોડીનાર,તા.૦૯



સુત્રાપાડના આલિદ્રા ગામે વાડી વિસ્તારમાં પાણી ભરતી વખતે યુવતીનું કૂવામાં પડી જવાથી મોત નિપજયુ છે. જયારે યુવતી કૂવામાંથી પાણી સીંચી રહી હતી ત્યારે દોરી તૂટી ગઈ અને એકાએક તેના પગ લપસી જવાને કારણે ૧૫૦ ફૂટ ઉંડા કૂવામાં પડી ગઈ હતી. આ ઘટનાની જાણ થતા પરિવાર અને ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર ટીમે કૂવાના તળિયેથી મૃતદેહને બહાર કાઢ્યો હતો. સુત્રાપાડા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો અને આ અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# ડોળાસા ગામે નવનિર્મિત બાયપાસ રોડનું કામ અધૂરૂ : વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ

ગીર સોમનાથ, તા.૦૯




**રાત્રિના સમયે સ્ટ્રીટલાઇટના અભાવે પરિસ્થિતિ વધુ ભયાનક**

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે નવનિર્મિત બાયપાસના રોડનું અધૂરૂ કામ લોકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યું છે. જયાં હાઈવે પ્રશાસનની ઘોર બેદરકારીને કારણે અધૂરા માટીકામ અને લાઈટની સુવિધાના અભાવે આ વિસ્તાર અકસ્માત ઝોન બની ગયો છે. કોડીનારથી આવતા બાયપાસના વળાંકમાં માટીનું કામ અધૂરું હોવાથી વાહનચાલકોને મોટા વળાંકમાંથી પસાર થવું પડે છે. રાત્રિના સમયે સ્ટ્રીટલાઈટના અભાવે પરિસ્થિતિ વધુ ભયાનક બને છે. સ્થાનિક રહીશોની માંગણી છે કે, બાયપાસના બંને છેડે ઊંચી લાઈટો મૂકવામાં આવે. આ સમસ્યાના સમાધાન માટે ડોળાસા ગ્રામ પંચાયતના સદસ્ય શૈલેષભાઈ મોરીએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે. હાઈવે પ્રશાસન પાસે જમીન સંપાદિત હોવા છતાં માટીકામ પૂર્ણ કરવામાં આવ્યું નથી. તો વહેલી તકે આ કામ પૂર્ણ થાય એવી સ્થાનિકોએ માંગ કરી છે.

# ઉનાના કાજરડી ગામમાં વાડીએ જઈ રહેલ યુવાન પર સિંહણનો હુમલો

ઉના, તા.૦૯



ઉના તાલુકાના કાજરડી ગામની સીમમાં બુધવારે બપોરે એક દર્દનાક ઘટના સામે આવી છે. ૨૧ વર્ષીય યુવાન પર સિંહણે હુમલો કરતાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. વન વિભાગે તાત્કાલિક પગલાં લઈને સિંહણ અને તેના બે બચ્ચાંને પાંજરે પૂર્યા છે. બપોરે ૩:૩૦ વાગ્યાની આસપાસ નયનભાઈ જોધાભાઈ ચારણિયા નામનો યુવાન પોતાની વાડીએ જઈ રહ્યો હતો ત્યારે અચાનક સિંહણે હુમલો કર્યો હતો. હુમલામાં યુવાનને હાથ અને પગના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. યુવાને પ્રતિકાર કર્યો અને બૂમાબૂમ કરતાં આજુબાજુના ખેતરોમાં કામ કરતા લોકો દોડી આવ્યા હતા, જેના કારણે સિંહણ ત્યાંથી ભાગી ગઈ હતી. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં વન વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આર.એફ.ઓ. એલ.બી. ભરવાડના માર્ગદર્શન હેઠળ નવાબંદર રાઉન્ડ ફોરેસ્ટ સ્ટાફે સિંહણનું લોકેશન શોધવાની કામગીરી શરૂ કરી હતી. ગ્રામજનોની માંગણીને ધ્યાને લઈને વન વિભાગે રાત્રે ૧૧:૩૦ વાગ્યે પાંજરા ગોઠવ્યા હતા અને માદા સિંહણ તથા તેના બે બચ્ચાંનું રેસ્ક્યૂ કર્યું હતું. આ ત્રણેય સિંહોને જસાધર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા છે.

# રાજ્યમાં સ્પેશિયલ લોક અદાલત દરમ્યાન ૪૫૭૦ કેસનો નિકાલ થયો

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૯

રાજયની અદાલતમાં સ્પેશિયલ લોક અદાલત યોજવામાં આવી હતી. જેમાં ૧૭ હજાર જેટલા કેસ સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. તે પૈકી ૪૫૭૦ કેસનો નિકાલ કરાયો છે. છેલ્લા ત્રણ વર્ષમાં લોક અદાલત દ્વારા લાખો કેસનો નિકાલ કરવામાં આવ્યો છે. જે પૈકી છેલ્લા એક વર્ષમાં જ ૧૦ લાખ કેસનો લોક અદાલતમાં સુખદ નિકાલ આવ્યો છે. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મુખ્ય સંરક્ષક તેમજ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલના નિર્દેશો અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના કારોબારી અધ્યક્ષ જસ્ટિસ બીરેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ચેક પરતને લગતી ફરિયાદો, દામ્પત્ય જીવનને લગતી તકરારો, સિવિલ દાવાઓ, વાહન અકસ્માતને લગતા કેસો તથા જમીન સંપાદન સંદર્ભેના જૂના કેસોના સમાધાન માટે સ્પેશિયલ લોક અદાલતનું આયોજન કરાયું છે.




તમામ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ચીફ જજના નિર્દેશ અનુસાર કાઉન્સિલિએશન બેન્ચ બનાવેલ જેમાં એક ન્યાયિક અધિકારી અને તાલીમ પામેલા મધ્યસ્થીનો સમાવેશ થયેલ અને તમામ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રયાસોના પરિણામે આ સ્પેશિયલ લોક અદાલતનું આયોજન થયું હતું. જેમાં આશરે ૧૭,૦૯૦ કરતાં વધુ કેસ સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. જેમાં ચેક બાઉન્સની કુલ ૩૭૫૦ કરિયાદ, દામ્પત્ય જીવનની તકરારોના ૪૯૮ કેસ, સિવિલ દાવાઓના ૧૯૫ કેસ, વાહન અકસ્માતના ૧૨૦ કેસ તથા જમીન સંપાદનના ૭ કેસનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો.

# અમદાવાદ એરપોર્ટ પર એક જ દિવસમાં બે કરોડથી વધુ કિંમતનું સોનું જપ્ત

(એચ.એસ.એલ),અમદાવાદતા.૯

અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટે રૂ. ૯૮,૯૯,૫૪૦ના મૂલ્યનું ૧૧૩૦ ગ્રામ સોનું મિકસર ગ્રાઈન્ડરના પૂરજા તરીકે ફીટ કરીને ઘુસાડવાનો પ્રયાસ કરનાર એક પેસેન્જરને આજે સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટ પરથી ઝડપી લીધો હતો. બીજા એક કેસમાં પણ રૂ. ૮૨,૨૯,૪૭૧ના મૂલ્યનું ૯૩૮.૩૯ ગ્રામ સોનું પકડી પાડયું છે. ત્રીજા પેસેન્જર પાસેથી ૯૫૧.૦૭ ગ્રામ સોનું પકડી પાડવામાં આવ્યું હતું. આમ એક જ દિવસમાં કુલ મળીને રૂ. ૨.૧૦ કરોડના મૂલ્યનું અંદાજે બે કિલો સોનું પકડી પાડયું છે. દુબઈથી સ્પાઈસ જેટની ફલાઈટ નંબર



એસજી-૧૯માં આ પેસેન્જર આવ્યો હતો. પેસેન્જરના સામાનની ચકાસણી કરવામાં આવતા તેની પાસેથી એક બ્રાન્ડ મિક્સર બ્લેન્ડર મળી આવ્યું હતું. આ મિક્સર-બ્લેન્ડરનું વજન નોર્મલ મિસર કરતાં વધુ જણાતા અધિકારીએ તેની વિશેષ ચકાસણી કરી હતી. મિકસરના નીચેના હિસ્સામાં આવેલી મોટરનો હિસ્સો નોર્મલ કરતાં વધુ વજનદાર જણાતા ચકાસણી કરવામાં આવી હતી. આ મિકસર બ્લેન્ડરની વધુ તપાસ કરવામાં આવતા મોટરના હિસ્સામાં સોનું મૂકવા ઉપરાંત એક લંબગોળ સિલિન્ડર જેવા આકારનો કાળા રંગનો લંબગોળ પણ મળી આવ્યો હતો. તેની અંદર પણ સોનું છુપાવવામાં આવેલું હતું. આ રીતે પકડી પાડવામાં આવેલું સોનું અંદાજે ૧૧૩૦ ગ્રામ હતું. પેસેન્જરને પકડી પાડીને સોનું જપ્ત કરી લેવામાં આવ્યું છે.

# સુરતમાં અકસ્માત સર્જી બે લોકોના જીવ લેનાર નબીરાને પોલીસે ઝડપ્યો

સુરત, તા.૦૯

સુરતના આઉટર રિંગરોડ પર સાતમી ફેબ્રુઆરીની રાત્રે નબીરાએ અન્ય યુવક-યુવતી સાથે બેફામ ડ્રાઈવિંગ કરી અકસ્માત સર્જતા બે સગા ભાઈઓના મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માતને અંજામ આપનાર મુખ્ય આરોપી કીર્તનની ધરપકડ કરવામાં આવી છે. હજુ ટાટા હેક્સા કારમાં પાછળ સવાર એક યુવક અને યુવતી




પોલીસના હાથે ચડ્યા નથી. જો કે, ઘટના સ્થળેથી જૈમિશ નામનો યુવક ઝડપાઈ જતા તેની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે.

# ટીઆરપી અગ્નિકાંડના ૩ આરોપીને જામીન મળતા પીડિત પરિવાર સુપ્રીમ કોર્ટમાં જશે

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૯

રાજકોટમાં બનેલા ટીઆરપી અગ્નિકાંડને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. હજી પીડિતોના આંખના આંસુ સુકાયા નથી ત્યાં તો નિર્દોષ લોકોના જીવ સાથે ચેડા કરનાર આરોપીઓને જામીન મળ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ટીઆરપી અગ્નિકાંડના ૩ આરોપીઓને જામીન મળતા પીડિત પરિવારમાં રોષ જોવા મળ્યો છે. પરિવારજનોએ સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી દર્શાવી છે. સરકાર સુપ્રીમ કોર્ટમાં જઈને જામીન રદ કરાવે તેવી માગ કરવામાં આવી છે. તો આ તરફ પીડિત પરિવારનું



કહેવું છે કે એક બાદ એક તમામ આરોપીને જામીન મળી જશે તો ન્યાય કેવી રીતે મળશે. આરોપીઓ સામે કડક કાર્યવાહીની પીડિત પરિવાર દ્વારા માગ કરવામાં આવી છે. આરોપીઓના જામીન રદ કરવા સુપ્રીમ કોર્ટ સુધી પીડિત પરિવાર જવા માટે તૈયાર છે. આ સાથે જ પીડિત પરિવારે આરોપીઓ સામે ડે-ટુ-ડે કેસ ચાલે તેવી પણ માગ કરી છે. મહત્વનું છે કે ટીઆરપી અગ્નિકાંડમાં હાઈકોર્ટ દ્વારા મહાનગરપાલિકાના ત્રણ એન્જિનિયર રાજેશ મકવાણા, ગૌતમ જોશી અને આસિસ્ટન્ટ એન્જિનિયર જયદીપ ચૌધરીને જામીન અપાયા છે. રાજકોટમાં નાનામૌવા રોડ પર ગેમઝોનમાં તારીખ ૨૫ મે ૨૦૨૪ના રોજ બપોર પછી ભીષણ આગ લાગી હતી.

# સુરતમાં મિત્રો સાથે બેઠેલા શખ્સની અજાણ્યા લોકોએ તિક્ષ્ણ હથિયારોના ઘા મારી કરી હત્યા

સુરત, તા.૦૯

સુરતના ડીંડોલી વિસ્તારમાં હત્યાની ઘટના બની છે. ભૂતકાળમાં દેવા ઉર્ફે કાલુ નામના યુવકના મર્ડર કેસના આરોપી ગણેશ વાઘની અજાણ્યા શખ્સો દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી છે. સુરતના ડીંડોલી વિસ્તારના જગદંબા નગર સોસાયટીમાં મૃતક ગણેશ વાઘ તેના મિત્રો સાથે બેઠો હતો. આ સમયે હુમલાખોરોએ તેનો



ઘેરાવ કરીને ઘાતક હથિયારો વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા ગણેશનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

# અમદાવાદના નિકોલની પરિણીતાએ ૩ વર્ષના બાળક સાથે નદીમાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૯

અમદાવાદના નિકોલમાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નિકોલની પરિણીતાએ પોતાના પુત્ર સાથે નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો છે. આ વિશે જાણ થતાં તુરંત જ ફાયર વિભાગ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહને નદીમાંથી બહાર કાઢી આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના રિવરફ્રન્ટમાં નિકોલની મહિલાએ પોતાના ૩



વર્ષના દીકરા સાથે નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો છે. આ વિશે જાણ થતાં પોલીસ અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગ દ્વારા ભારે જહેમત બાદ બંનેના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતાં. પોલીસે સમગ્ર મામલે આત્મહત્યાનો ગુનો નોંધી તપાસ હાથ પરી છે. નોંધનીય છે કે, પોલીસ તપાસમાં અત્યાર સુધી કોઈ સ્યુસાઈડ નોટ નથી મળી. પોલીસે સમગ્ર મામલે પરિવારજનો સાથે વાત કરી પરંતુ, પરિવાર તરફથી કોઈપણ પ્રતિક્રિયા સામે નથી આવી. હાલ પોલીસ દ્વારા મહિલા અને પુત્રના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે.

# કચ્છના લખપતમાં પહેલીવાર સાઉથની ફિલ્મનું શૂટિંગ કરાયું

(એચ.એસ.એલ),ભુજ,તા.૯

જિલ્લાના લખપત વિસ્તારમાં આવેલ લિગ્નાઈટ ખાણમાં સાઉથની ફિલ્મનું શૂટિંગ શરૂ કરવામાં આવ્યું છે, જેની તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે. સાઉથની ફિલ્મના કલાકારો દુલકર સલમાન અને રોહિણી શર્મા શૂટિંગમાં જોડાયા છે. સાઉથની તેલુગુ ફિલ્મ 'આકાશમ લો ઓકા તારા'નું શૂટિંગ કચ્છમાં થઈ રહ્યું છે જેનું નિર્દેશન ડાયરેક્ટર પવન સદિનેની કરી રહ્યા છે. દયાપર



ગામના ભરત ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, 'સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત અભિનેતા દુલકર સલમાન અને અભિનેત્રી રોહિણી શર્મા 'આકાશમ લો ઓકા તારા' ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં છે.

# જૂનાગઢનો વોન્ટેડ ગુજસીટોકનો આરોપી નગા રાડા આખરે પોલીસના હાથે ઝડપાયો

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૯

જૂનાગઢના કુખ્યાત નગા રાડાનો પોલીસ દ્વારા જાહેરમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જૂનાગઢની પ્રજામાં રીઢા ગુનેગારનો ડર ઓછો કરવા માટે પોલીસ દ્વારા રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. આરોપીનો ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જૂનાગઢ પોલીસે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ



એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં ૪ મહિનાથી ફરાર એવા વોન્ટેડ આરોપીની ધરપકડ કરી છે. પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા અને પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી કાર્યવાહીમાં ૩૨ વર્ષીય નગા સરમણભાઈ રાડાને પાદરીયા ગામની સીમમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. જૂનાગઢ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૧(૨), ૧૩૨, ૨૨૧, ૩૫૧(૩), ૫૪ અને ગુજસીટોક એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આરોપી વિરૂદ્ધ ૨૦ થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.




# સુરેન્દ્રનગરમાં પ્રેમી સાથે મળીને પતિની હત્યા : પત્ની સહિત બેની ધરપકડ

સુરેન્દ્રનગર,તા.૦૯

સુરેન્દ્રનગરના એંજારમાં પત્નીએ પ્રેમી સાથે મળી પતિની હત્યા કરી હતી. પતિ સૂતો હતો ત્યારે ગળે ટૂંપો આપી હત્યા કરી નાખી હતી. પ્રેમી સાથે મળી પત્નીએ અગ્નિસંસ્કાર પણ કરી નાખ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે હત્યારા પ્રેમી અને પત્નીની અટકાયત કરી છે. તેમજ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. હત્યાની આ ઘટના વાડીમાં આવેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જણાવી દઈએ કે, ધ્રાંગધ્રા તાલુકાના એંજાર ગામે વાડી વાવતા છોટાઉદેપુર જિલ્લાના યુવાનની તેની પત્ની અને પ્રેમી સાથે અન્ય એક યુવકે મળીને ગળે ટૂંપો દઈને હત્યા કરવામાં આવી હતી. અહીંયા મહત્વની બાબત તો એ છે કે પતિની હત્યા કરીને પત્નીએ વતનમાં જઈને અગ્નિસંસ્કાર પણ કરી નાખ્યો હતો. પરંતુ શંકાને આધારે પોલીસે કરેલી તપાસમાં સીસીટીવી ફૂટેજમાં હત્યાની લાઈવ ઘટના કેદ થઈ જતા



પ્રેમી અને પ્રેમિકાનો ભાંડો ફૂટી ગયો હતો. મળતી વિગતો મુજબ હત્યાના આરોપી પત્ની અને પ્રેમી બંનેને પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. આ ઘટનામાં મૃતકની પત્ની ભાવનાબેન, તેનો પ્રેમી પ્રતાપ રાઠવા અને એક અજાણ્યા શખ્સે મળીને નારાયણભાઈને ગળે ટૂંપો આપીને મારી નાખ્યા હતા. હત્યા બાદ આરોપીઓએ મૃત્યુને હાર્ટએટેકથી થયેલું મોત ગણાવ્યું અને પોસ્ટમોર્ટમ કરાવ્યા વગર જ છોટાઉદેપુર લઈ જઈને અંતિમ સંસ્કાર કરી દીધા હતા.










